RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

**Year : 15** **Issue : 176** **Dt. 19-01-2026** **Page : 08** **Price : Rs 3**

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**







## ટ્રમ્પ શાંતિ બોર્ડના અધ્યક્ષ તરીકે સેવા આપશે

# ગાઝામાં ‘શાંતિદૂત’ બનશે ભારત!

## ગાઝામાં યોજાનાર ‘બોર્ડ ઓફ પીસ’માં જોડાશે PM મોદી, ટ્રમ્પે મોકલ્યું ઈજન



નવી દિલ્હી, તા.૧૮

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ગાઝા બોર્ડ ઓફ પીસનો ભાગ બનવા આમંત્રણ આપ્યું છે. ટ્રમ્પના વ્યાપક ગાઝા રોડમેપ સાથે જોડાયેલા ‘‘બોર્ડ ઓફ પીસ’’ માળખાને ઔપચારિક બનાવવા માટે યુએસ વહીવટીતંત્ર આગળ વધી રહ્યું છે ત્યારે આ આમંત્રણ આપવામાં આવ્યું છે . વ્હાઇટ હાઉસે ગાઝા સંઘર્ષને સમાપ્ત કરવા માટે તેમની ૨૦-પોઇન્ટ શાંતિ યોજનાના બીજા તબક્કાની દેખરેખ માટે ‘‘બોર્ડ ઓફ પીસ’’ માં નિયુક્ત કરાયેલા લોકોની યાદી જાહેર કરી હતી.

વ્હાઇટ હાઉસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ નામોમાં યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો, ભૂતપૂર્વ બ્રિટિશ વડા પ્રધાન ટોની બ્લેર, ટ્રમ્પના ખાસ દૂત સ્ટીવ વિટકોફ, વિશ્વ બેંકના પ્રમુખ અજય બંગા અને ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનરનો સમાવેશ થાય છે. આ યાદીમાં એપોલો ગ્લોબલ મેનેજમેન્ટના સીઈઓ માર્ક રોવાન અને યુએસ ડેપ્યુટી નેશનલ સિક્યુરિટી એડવાઈઝર રોબર્ટ ગેબ્રિયલનો પણ સમાવેશ થાય છે. આ પહેલ હેઠળ ભૂમિકાઓ અને જવાબદારીઓ સમજાવતા, વ્હાઇટ હાઉસે જણાવ્યું હતું કે, ‘‘એક્ઝિક્યુટિવ બોર્ડના સભ્યો ગાઝાના સ્થિરીકરણ અને લાંબા ગાળાની સફળતા માટે મહત્વપૂર્ણ પોર્ટફોલિયોનું નિરીક્ષણ કરશે, જેમાં શાસન ક્ષમતા નિર્માણ, પ્રાદેશિક સંબંધો, પુનર્નિર્માણ, રોકાણ આકર્ષણ, મોટા પાયે ભંડોળ અને મૂડી એકત્રીકરણનો સમાવેશ થાય છે, પરંતુ તેના સુધી મર્યાદિત નથી.’’ ટ્રમ્પ શાંતિ બોર્ડના અધ્યક્ષ તરીકે સેવા આપી રહ્યા છે, તેમણે આર્યહ લાઇટસ્ટોન અને જોશ ગ્રુએનબૌમને વરિષ્ઠ સલાહકારો તરીકે નિયુક્ત કર્યા છે, જેમને રોજિંદા વ્યૂહરચના અને કામગીરીનું નેતૃત્વ કરવાનું અને બોર્ડના આદેશ અને રાજદ્વારી પ્રાથમિકતાઓને શિસ્તબદ્ધ અમલમાં મૂકવાનું કામ સોંપવામાં આવ્યું છે.

યોજના હેઠળ વહીવટી તંત્રના ભાગ રૂપે, એક્ઝિક્યુટિવ બોર્ડના સભ્ય, નિકોલે મ્લાડેનોવ, ગાઝા માટે ઉચ્ચ પ્રતિનિધિ તરીકે સેવા આપશે અને શાંતિ બોર્ડ અને ગાઝા વહીવટ માટે રાષ્ટ્રીય સમિતિ (NCAG) વચ્ચે જમીન પરની કડી તરીકે કાર્ય કરશે. NCAG ને બીજા તબક્કાના મુખ્ય ઘટક તરીકે વર્ણવતા, વ્હાઇટ હાઉસે કહ્યું કે તે ગાઝા સંઘર્ષને સમાપ્ત કરવા માટેની તેમની વ્યાપક યોજનાના બીજા તબક્કાના અમલીકરણમાં એક મહત્વપૂર્ણ પગલું છે - જે આ ક્ષેત્રમાં કાયમી શાંતિ, સ્થિરતા, પુનર્નિર્માણ અને સમૃદ્ધિ માટે ૨૦-પોઈન્ટ રોડમેપ છે.વ્હાઇટ હાઉસના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે NCAGનું નેતૃત્વ અલી શાથ કરશે, જે એક વ્યાપકપણે આદરણીય ટેક્નોક્રેટિક નેતા છે જે ગાઝામાં મુખ્ય જાહેર સેવાઓની પુનઃસ્થાપના, નાગરિક સંસ્થાઓના પુનર્નિર્માણ અને દૈનિક જીવનના સ્થિરીકરણની દેખરેખ રાખશે, સાથે સાથે લાંબા ગાળાના, સ્વ-ટકાઉ શાસનનો પાયો નાખશે.

શાસન અને પુનર્નિર્માણ આયોજનની સાથે, નિવેદનમાં સ્થિરતા સ્થાપિત કરવા માટે સુરક્ષા વ્યવસ્થાઓની પણ રૂપરેખા આપવામાં આવી છે. વધુમાં, સુરક્ષા સ્થાપિત કરવા, શાંતિ જાળવવા અને ટકાઉ આતંકવાદ મુક્ત વાતાવરણ બનાવવા માટે, મેજર જનરલ જેસ્પર જેફર્સને આંતરરાષ્ટ્રીય સ્થિરીકરણ દળ (ISF) ના કમાન્ડર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યાં તેઓ સુરક્ષા કામગીરીનું નેતૃત્વ કરશે, વ્યાપક ડિમિલિટરાઈઝેશનને ટેકો આપશે અને માનવતાવાદી સહાય અને પુનર્નિર્માણ સામગ્રીની સુરક્ષિત ડિલિવરીને સક્ષમ બનાવશે, એમ વ્હાઇટ હાઉસે જણાવ્યું હતું.આ જાહેરાતમાં ગાઝા એક્ઝિક્યુટિવ બોર્ડના સભ્યોના નામ પણ સામેલ છે, જેમાં બ્લેર, કુશનર અને વિટકોફ પણ સામેલ છે, સાથે તુર્કીના વિદેશ પ્રધાન હકન ફિદાન, કતારી રાજદ્વારી અલી અલ થાવદી અને અન્ય લોકોનો પણ સમાવેશ થાય છે.

# UAEના રાષ્ટ્રપતિ આજે ભારતમાં

## ભારત-UAE તેમના વ્યૂહાત્મક સંબંધોને મજબૂત બનાવવા કરશે પ્રયાસ

નવી દિલ્હી, તા.૧૮

સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) ના રાષ્ટ્રપતિ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન આજે સોમવારે ભારતની મુલાકાતે આવનાર છે, આ મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે ગલ્ફ દેશો ખાસ કરીને યુએઈ અને સાઉદી અરેબિયા વચ્ચે તણાવ વધી રહ્યો છે અને ઈરાનને લઈને પ્રાદેશિક સમીકરણ બદલાઈ રહ્યા છે. આ સમયે ભારત અને યુએઈ તેમના વ્યૂહાત્મક સંબંધોને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને UAE ના રાષ્ટ્રપતિ ખૂબ જ સારા વ્યક્તિગત સંબંધો ધરાવે છે. આ મજબૂત સંબંધોને કારણે બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોમાં ઝડપી વૃદ્ધિ થઈ છે.

સપ્ટેમ્બર ૨૦૨૩માં યુએઈના રાષ્ટ્રપતિ તરીકે નાહયાને જી-૨૦ લીડર્સ સમિટમાં હાજરી આપી હતી. ત્યાર બાદ નવેમ્બર ૨૦૨૩માં તેમણે વર્ચ્યુઅલ ગ્લોબલ સાઉથ સમિટમાં પણ ભાગ લીધો હતો. જાન્યુઆરી ૨૦૨૪માં તેઓ ગુજરાતમાં



૧૦મા વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં મુખ્ય મહેમાન હતા. ૨૦૨૨માં હસ્તાક્ષર કરાયેલ વ્યાપક આર્થિક ભાગીદારી કરાર (સીઈપીએ) એક મોટું પગલું સાબિત થયું છે. આ કરારથી બંને દેશો વચ્ચે વેપારમાં નોંધપાત્ર વધારો થયો છે. ૨૦૨૫માં બંને દેશો વચ્ચે નોન-ઓઈલ વેપાર ૩૭.૬ અબજ ડોલર સુધી પહોંચ્યો હતો, જે પાછલા વર્ષ કરતા ૩૪ ટકા વધુ છે.

યુએઈ ભારતમાં વિદેશી રોકાણનો સાતમો સૌથી મોટો સ્ત્રોત છે. ૨૦૦૦થી યુએઈએ ભારતમાં ૨૨ બિલિયન ડોલરથી વધુનું રોકાણ કર્યું છે. યુએઈમાં એન્જિનિયરિંગ, ફાર્માસ્યુટિકલ્સ અને ઇલેક્ટ્રોનિકસમાં ભારતીય નિકાસમાં વધારો થયો છે. યુએઈ ભારતનો સાતમો સૌથી મોટો રોકાણકાર છે. યુએઈ ભારતને તેલ અને લિક્વિફાઇડ કુદરતી ગેસ સપ્લાય કરે છે. બંને દેશો વચ્ચે સંરક્ષણ અને સુરક્ષા સંબંધો પણ મજબૂત થયા છે. આ સંદર્ભમાં ભારતીય સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ તાજેતરમાં યુએઈ આર્મીના કમાન્ડર સાથે મુલાકાત કરી હતી. આ બેઠક દરમિયાન બંને પક્ષોએ સકારાત્મક લશ્કરી સહયોગ વધારવા, નિયમિત સંયુક્ત કવાયતો કરવા અને દ્વિપક્ષીય સંરક્ષણ અને દરિયાઈ સહયોગને આગળ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

## સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા પર પ્રકાશ પાડતા સરંક્ષણ મંત્રી રાજનાથ સિંહ

# ભારતને દારુગોળાના ઉત્પાદનમાં બનાવાશે વૈશ્વિક કેન્દ્ર

નાગપુર, તા.૧૮

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે નાગપુરમાં સુવિધાના ઉદઘાટન દરમિયાન સંરક્ષણ ઉત્પાદનમાં દેશની વધતી જતી આત્મનિર્ભરતા પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે ભારત દારૂગોળાના ઉત્પાદન માટે વૈશ્વિક કેન્દ્ર બનવાનું લક્ષ્ય રાખે છે.સંરક્ષણ મંત્રીએ કહ્યું કે, ‘‘અમારું લક્ષ્ય ભારતને દારૂગોળાના ઉત્પાદન માટે વૈશ્વિક કેન્દ્ર બનાવવાનું છે‘‘.તેમણે નાગપુરમાં સોલાર ડિફેન્સ અને એરોસ્પેસ પ્લાન્ટ ખાતે મીડિયમ કેલિબર દારૂગોળો સુવિધાનું ઉદઘાટન કર્યું.રાજનાથ સિંહે કહ્યું, ‘‘જો હું દારૂગોળાના ક્ષેત્રની વાત કરું તો, આપણે લાંબા સમયથી આ ક્ષેત્રમાં અછત અનુભવી રહ્યા છીએ. મને હજુ પણ તે દિવસો યાદ છે



જ્યારે દારૂગોળાના અભાવે આપણી ઘણી તૈયારીઓને અસર કરી હતી. અમારી પાસે પ્લેટફોર્મ હતા, અમારી પાસે સાધનો હતા, પરંતુ જો દારૂગોળાની અછત હોય, તો તે સાધનોનો ઉપયોગ મર્યાદિત રહેતો હતો.‘‘‘‘આપણી પાસે ગમે તેટલા આધુનિક સાધનો હોય, દારૂગોળાની અછત તેની અસરકારકતાને મર્યાદિત કરતી હતી.

આ એક એવી નબળાઈ હતી જેનો આપણે ઘણી વખત સામનો કર્યો હતો. આવી પરિસ્થિતિ એક સમૃદ્ધ અને સક્ષમ રાષ્ટ્ર માટે સ્વીકાર્ય ન હોત,‘‘ સંરક્ષણ પ્રધાને કહ્યું.તેમણે કહ્યું, ‘‘આજે, જ્યારે હું જોઉં છું કે આપણે દારૂગોળાના ઉત્પાદનમાં ધીમે ધીમે પરંતુ સતત આગળ વધી રહ્યા છીએ, ત્યારે મારા આત્મવિશ્વાસને મજબૂત બનાવે છે કે આ પ્રયાસ હવે જમીન પર મૂળિયાં જમાવી ચૂક્યો છે. તમે માત્ર ઝડપથી આગળ વધી રહ્યા નથી, પરંતુ ગુણવત્તા અને વિશ્વસનીયતા સાથે પણ આગળ વધી રહ્યા છો. આ આપણી સંરક્ષણ તૈયારી માટે ખૂબ જ સકારાત્મક સંકેત છે.‘‘રાજનાથ સિંહે પોતાના ભાષણને સમાપ્ત કરતા કહ્યું,

‘‘આજે, ઘણા પ્રકારના દારૂગોળાનું ઉત્પાદન સંપૂર્ણપણે ભારતમાં થઈ રહ્યું છે. અમે ખાતરી કરી રહ્યા છીએ કે આગામી સમયમાં સંરક્ષણ ઉત્પાદનમાં ખાનગી ક્ષેત્રની ભૂમિકા ૫૦ ટકા સુધી પહોંચે. અમે ખાનગી ક્ષેત્ર અને વિક્રેતાઓને મજબૂત બનાવવા માટે તમામ પ્રયાસો કર્યા છે. અમે અમારી સિસ્ટમોને સ્વદેશી બનાવી રહ્યા છીએ, અને એવા કિસ્સાઓમાં પણ જ્યાં અમે સંપૂર્ણપણે ઉત્પાદન કરી શકતા નથી, ઓછામાં ઓછા ૫૦ ટકા સ્વદેશી સાધનોની જોગવાઈ કરવામાં આવી છે.

# ઉમિયા-મેહુલ મોબાઈલ સહિત અનેક સ્ટોર પર GSTના દરોડા

## લાખો રૂપિયાની જીએસટી ચોરી, બોગસ ઇનપુટ ટેક્સ ક્રેડિટ ક્લેમ સહિત અનેકવિધ પાસાઓ ને ધ્યાને લઈ તપાસ : પ્રાથમિક દ્રષ્ટિએ બિલ વગર મોબાઈલ આપતા હોવાનું આવ્યું બહાર : વિભાગ દ્વારા ડિજિટલ ડેટાઓ એકત્રિત કરી તપાસ આરંભી

રાજકોટ, તા. ૧૮

માર્ચ એન્ડિંગ નજીક આવતા જ તમામ સેન્ટ્રલ એજન્સીઓ પોતાનો ટાર્ગેટ પૂર્ણ કરવા માટે મથામણ કરી રહી છે ત્યારે ગઈકાલે રાજકોટ ખાતે સેન્ટ્રલ જીએસટી દ્વારા વિવિધ મોબાઇલ સ્ટોર પર નરોડા પાડવામાં આવ્યા હતા અને બિલ વગરના મોબાઇલ વેચાણ થતા હોવાની બાત બિના આધારે તપાસ પણ કરવામાં આવી હતી સાથોસાથ જીએસટી ચોરી ખોટી આઇટીસી ક્લેમ કરી હોય તે તમામ બાબતોની માહિતી મેળવી હતી. રાજકોટના એસ્ટ્રોન ચોક વિસ્તારમાં આવેલા અનેકવિધ મોબાઇલ સ્ટોર જેવા કે ઉમિયા મોબાઈલ, મેહુલ મોબાઇલ, ઝિનિથ મોબાઈલ સહિત અનેક સ્ટોર પર દરોડા પાડવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસના અંતે વિભાગને ખૂબ મોટા પ્રમાણમાં ડિજિટલ ડેટા હાથ લાગ્યા છે જેનું અવલોકન કરવામાં આવશે અને લાખો રૂપિયાની જીએસટી ચોરી કરી હોવાનું પણ માલુમ પડ્યું છે.

હાલ જીએસટી ભાગના દરોડા ચાલી રહ્યા છે ત્યારે અન્ય મોબાઇલ સ્ટોરના સંચાલકોમાં પણ ફફડાટ મચી ગયો છે કારણ કે ખૂબ મોટા પ્રમાણમાં બિલ વગરના મોબાઈલો વેચવામાં આવતું હોવાની ફરિયાદ અમદાવાદ સુધી પહોંચી




હતી જે બાદ ગઈકાલ સવારથી જ વિવિધ સ્થળો પર જીએસટી વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. હાલની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લઈ અને જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર માર્ચ એન્ડિંગ નજીક હોવાના પગલે અત્યારથી જ આ તમામ કામગીરી આરંભી દેવામાં આવી છે જેથી મહત્તમ ટાર્ગેટ સુધી પહોંચી શકાય.

રાજકોટમાં સેન્ટ્રલ જીએસટી વિભાગ દ્વારા મોબાઇલ વેપારીઓ સામે તપાસ હાથ ધરવામાં આવી છે. શહેરના એસ્ટ્રોન ચોક વિસ્તારમાં આવેલી અનેક મોબાઇલ દુકાનો પર જીએસટી વિભાગની ટીમે અચાનક મુલાકાત લીધી હતી. પ્રાપ્ત માહિતી મુજબ ઉમિયા મોબાઇલ, મેહુલ ટેલિકોમ, જેનિસ મોબાઇલ તેમજ ઓપો સ્ટોરમાં




તપાસ કરવામાં આવી હતી.

જીએસટી વિભાગે મુખ્યત્વે ઇનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) સંબંધિત દસ્તાવેજોની ચકાસણી કરી હતી. વેપારીઓ દ્વારા લેવામાં આવેલી ઇનપુટ ટેક્સ ક્રેડિટ નિયમ મુજબ છે કે નહીં તે બાબતે વિગતવાર તપાસ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત દુકાનોમાં ઉપલબ્ધ સ્ટોકની ગણતરી પણ જીએસટી અધિકારીઓ દ્વારા કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ખરીદી-વેચાણના બિલ, સ્ટોક રજીસ્ટર તેમજ જીએસટી રિટર્ન્સની પણ ચકાસણી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. જીએસટી વિભાગની કાર્યવાહીથી વિસ્તારમાંના વેપારીઓમાં ચર્ચા જાગી છે. અધિકારીઓ દ્વારા તપાસ પૂર્ણ થયા બાદ વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. મળતી માહિતી મુજબ, એસ્ટ્રોન ચોકમાં આવેલા ઉમિયા મોબાઈલ, જેનિસ મોબાઈલ, મેહુલ ટેલીકોમ અને ઓપો (Oppo) એક્સક્લુઝિવ સ્ટોર પર GSTના અધિકારીઓએ દરોડા પાડ્યા છે. આ શોરૂમ્સ રાજકોટના મોબાઈલ માર્કેટમાં મોટું નામ ધરાવે છે, જેના કારણે આ કાર્યવાહીની અસર સમગ્ર બજારમાં જોવા મળી રહી છે.

રાજકોટ શહેરમાં GST વિભાગના દરોડામાં આ તપાસ મુખ્યત્વે નીચેના મુદ્દાઓ પર કેન્દ્રિત રહી હતી. જેમાં શું ગ્રાહકોને કાચા બિલ અથવા બિલ વગર મોબાઈલ વેચવામાં આવતા હતા? સેકન્ડ હેન્ડ મોબાઈલના વ્યવહારોમાં GSTના નિયમોનું પાલન થાય છે કે કેમ? સ્ટોરમાં હાજર મોબાઈલ અને ચોપડે નોંધાયેલા સ્ટોક વચ્ચેનો તફાવત હોવાની તપાસ કરાઈ હતી. આ ઉપરાંત લાંબા સમયથી ચાલી રહેલી GSTની સંભવિત ચોરીની તપાસ કરવામાં આવી હતી. ત્યારે રાજકોટ સહિત અન્ય શહેરોમાં પણ સેન્ટ્રલ જીએસટીની સાથોસાથ ઇન્કમટેક્સ દ્વારા સરચ ઓપરેશન હાથ ધરવામાં આવે તેવું જણાઈ રહ્યું છે અને પરિણામ સ્વરૂપે ખૂબ મોટી કચોરી પકડાઈ તેવી પણ આશંકા વ્યક્ત થઇ રહી છે.

# સ્વીટનર્સ ડ્રીંક વાળ ખરવામાં કારણભૂત

## બદલાતી જીવનશૈલી, ખાવાની આદતો અને દૈનિક ખોરાકની પસંદગીઓ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે

રાજકોટ, તા. ૧૮

આજકાલ, પુરુષોમાં નાની ઉંમરે વાળ ખરવાની સમસ્યા ઝડપથી વધી રહી છે. બદલાતી જીવનશૈલી, ખાવાની આદતો અને દૈનિક ખોરાકની પસંદગીઓ આમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ખાસ કરીને ખાંડવાળા પીણાં પહેલા કરતાં વધુ સામાન્ય બની ગયા છે. ઠંડા પીણાં, પેકેજડ જ્યુસ, એનર્જી ડ્રિંક્સ અને ફ્લેવર્ડ શેક રોજિંદા જીવનનો એક ભાગ બની ગયા છે. આ પીણાં પીવામાં સરળ અને સ્વાદમાં સારા છે, પરંતુ તેમની સ્વાસ્થ્ય પરની અસરને ઘણીવાર અવગણવામાં આવે છે. ઘણા લોકો માને છે કે વાળ ખરવા એ ફક્ત આનુવંશિકતા અથવા ઉંમરની બાબત છે, પરંતુ આહાર પણ એક મુખ્ય પરિબળ ભજવી શકે છે. તેથી, એ સમજવું મહત્વપૂર્ણ છે કે આ દૈનિક સ્વીટનર્સ વાળના સ્વાસ્થ્યને કેવી રીતે અસર કરી શકે છે. ચાલો જોઈએ કે ખાંડવાળા પીણાં પુરુષોમાં વાળ ખરવાનું જોખમ કેવી રીતે વધારે છે.

ખાંડવાળા પીણાંમાં સામાન્ય રીતે ઘણી બધી ખાંડ હોય છે, જે શરીરમાં વિવિધ ફેરફારોનું કારણ બની શકે છે. જ્યારે ખાંડનું સેવન જરૂરી માત્રા કરતાં વધી જાય છે, ત્યારે શરીરનું સંતુલન બગડવાનું શરૂ થાય છે. આ હોર્મોનલ સિસ્ટમ, ખોપરી ઉપરની ચામડીના સ્વાસ્થ્ય અને વાળના મૂળને અસર કરી શકે છે. વધુ પડતી ખાંડનું સેવન પોષક તત્વોના યોગ્ય શોષણને અટકાવે છે, જેના પરિણામે આવશ્યક પોષક તત્વો વાળ ખરવા લાગે છે. વધુમાં, ખાંડવાળા પીણાં ભૂખને પણ દબાવી શકે છે, જેના કારણે સ્વસ્થ આહાર ઓછો થાય છે.

લાંબા સમય સુધી સેવન કરવાથી વાળ નબળા પડી શકે છે અને વાળ ખરવાનું વધી શકે છે. કેટલાક કિસ્સાઓમાં, ખોપરી ઉપરની ચામડી પર તેલનું સંતુલન પણ ખોરવાઈ જાય છે, જેના કારણે ખોડો અને વાળ પાતળા થવા જેવી સમસ્યાઓ થાય છે. આમ, ખાંડવાળા પીણાં વાળના સ્વાસ્થ્ય પર સીધી રીતે નહીં, પણ અનેક રીતે નકારાત્મક અસર કરી શકે છે.

જો તમે વાળ ખરવા વિશે ચિંતિત છો, તો પહેલા ખાંડવાળા પીણાંનું સેવન ઓછું કરવાનો પ્રયાસ કરો. જો તમને દરરોજ ઠંડા પીણાં અથવા પેકેજડ જ્યુસ પીવાની આદત હોય, તો ધીમે ધીમે તેમાંથી છૂટકારો મેળવવો શ્રેષ્ઠ છે. તેના બદલે, સાદા પાણી, નાળિયેર પાણી અથવા ખાંડ-મુક્ત પીણાં પસંદ કરો. ઉપરાંત, તમારા આહાર પર ધ્યાન આપો અને પ્રોટીન, ફળો, શાકભાજી અને આખા અનાજનો સમાવેશ કરો. ખાંડવાળા પીણાં પીતા પહેલા હંમેશા લેબલ્સ વાંચો. વાળના સ્વાસ્થ્ય માટે પૂરતી ઊંઘ અને તણાવ વ્યવસ્થાપન પણ જરૂરી છે. જો વાળ ખરતા વધુ પડતા હોય, તો ડોક્ટર અથવા નિષ્ણાતની સલાહ લેવી શ્રેષ્ઠ છે. આજકાલ પુરુષોમાં વાળ ખરવાની સમસ્યા વધી રહી છે. ખાંડવાળા પીણાંનું વધુ પડતું સેવન એક મુખ્ય કારણ હોઈ શકે છે. ચાલો ડો. સુભાષ ગિરી પાસેથી શીખીએ કે ખાંડવાળા પીણાં વાળ ખરવાનું જોખમ કેવી રીતે વધારે છે.





# શિયાળામાં ગરમી અને કેટલાકને ઉનાળામાં ઠંડી કેમ લાગે છે?

## ખરાબ રક્ત પરિભ્રમણ પણ ઉનાળામાં ઠંડીનું કારણ બની શકે છે, સારું રક્ત પરિભ્રમણ ધરાવતા લોકો ઓછી ઠંડી અનુભવે છે

રાજકોટ, તા. ૧૮

શિયાળામાં, કેટલાક લોકો જર્સીથી લઈને ટોપી સુધી બધું પહેરતા જોવા મળે છે, જ્યારે કેટલાક ફક્ત શર્ટમાં આરામદાયક લાગે છે. વધુમાં, કેટલાક લોકો હળવી ગરમીમાં પણ પરસેવો પાડવા લાગે છે, જ્યારે કેટલાકને તેજસ્વી સૂર્યપ્રકાશનો પણ વાંધો નથી. હવે પ્રશ્ન એ છે કે આવું કેમ થાય છે. શું તે શરીરમાં કોઈ રોગને કારણે છે? કે પછી તે ફક્ત એક આંતરિક પ્રક્રિયા છે? આપણે ઠંડીમાં ગરમાવો અને ઉનાળામાં ઠંડી કેમ અનુભવીએ છીએ? ડોકટરો સાથે વાત કરવાથી ખબર પડે છે કે તે બધું આપણા શરીરના ચયાપચય અને સ્નાયુઓમાં ભૂમિકા ભજવે છે. ઝડપી ચયાપચય ધરાવતા લોકો વધુ ગરમી ઉત્પન્ન કરે છે, તેથી તેઓ ઓછી ઠંડી અનુભવે છે. નબળી ચયાપચય ધરાવતા લોકો હળવી ઠંડી વધુ તીવ્રતાથી અનુભવે છે. ચયાપચય ઉપરાંત, શરીરમાં રક્ત પરિભ્રમણ પણ ભૂમિકા ભજવે છે. જો રક્ત પરિભ્રમણ નબળું હોય, તો ઠંડા હાથ અને પગ સામાન્ય છે. ખરાબ રક્ત પરિભ્રમણ પણ ઉનાળામાં ઠંડીનું કારણ બની શકે છે. સારું રક્ત પરિભ્રમણ ધરાવતા લોકો ઓછી ઠંડી અનુભવે છે.

શરીરનું કદ અને વજન પણ મોટાભાગે નક્કી કરે છે કે વ્યક્તિ કેટલી ઠંડી કે ગરમ અનુભવે છે. મોટા શરીર અથવા વધુ ચરબી અને સ્નાયુઓ ધરાવતા લોકો લાંબા સમય સુધી ગરમી જાળવી રાખે છે અને ઓછી ઠંડી અનુભવે છે. પાતળા અથવા ઓછા સ્નાયુબદ્ધ શરીર વધુ ઝડપથી ઠંડુ થાય છે. લો બ્લડ પ્રેશર અથવા લો હિમોગ્લોબિન ધરાવતા લોકોને પણ ઠંડી વધુ લાગે છે. ઉદાહરણ તરીકે, સ્ત્રીઓમાં ઘણીવાર હિમોગ્લોબિનનું સ્તર ઓછું હોય છે. તમે જોયું હશે કે તેઓ પુરુષો કરતાં વધુ ઠંડી અનુભવે છે. પુરુષો અને સ્ત્રીઓના શરીરની રચનામાં તફાવત હોય છે. સ્ત્રીઓમાં સ્નાયુ સમૂહ ઓછો હોય છે. આ જ કારણ છે કે સ્ત્રીઓ સમાન તાપમાનવાળા રૂમમાં પુરુષો કરતાં વધુ ઠંડી અનુભવી શકે છે. જો કે, દરેક સ્ત્રી માટે આ જરૂરી નથી કે તે સાચું હોય. મેનોપોઝ દરમિયાન હોર્મોનલ ફેરફારોને કારણે ઘણી સ્ત્રીઓ ગરમ ચમકારા અનુભવે છે.

ઉંમર અને જીવનશૈલી પણ શિયાળામાં ગરમી અથવા ઉનાળામાં ઠંડી અનુભવવા માટેના પરિબળો છે. જેમ જેમ આપણે ઉંમર વધારીએ છીએ તેમ તેમ શરીરની આંતરિક તાપમાનને નિયંત્રિત કરવાની ક્ષમતામાં ઘટાડો થાય છે. આ જ કારણ છે કે વૃદ્ધ લોકો શિયાળામાં વધુ ઠંડી અનુભવે છે. જીવનશૈલીની વાત કરીએ તો, વધુ પડતું પાણી પીવું અને વધુ પડતું કેફીનનું સેવન કરવાથી પણ તાપમાનને નિયંત્રિત કરવાની આપણી ક્ષમતા પર અસર પડે છે. આનાથી શિયાળામાં ગરમી અથવા ઉનાળામાં ઠંડીનો અનુભવ પણ થઈ શકે છે.

# ડાયાબિટીસથી પીડાતા દર્દીઓ માટે નવી ટેકનોલોજી રાહતસભર

## નવું સેન્સર ૧૫ દિવસ સુધી સતત બ્લડ સુગર લેવલનું નિરીક્ષણ કરશે અને દર મિનિટે મોબાઈલ પર રીઅલ-ટાઇમ અપડેટ્સ પ્રદાન કરશે



રાજકોટ, તા. ૧૮

ડાયાબિટીસથી પીડાતા દર્દીઓ માટે એક નવી ટેકનોલોજી મોટી રાહત તરીકે ઉભરી આવી છે. આ નવું સેન્સર હવે ૧૫ દિવસ સુધી સતત બ્લડ સુગર લેવલનું નિરીક્ષણ કરે છે અને દર મિનિટે તેમના મોબાઈલ ફોન પર રીઅલ-ટાઇમ અપડેટ્સ પ્રદાન કરે છે. નોંધપાત્ર રીતે, આ વારંવાર આંગળીના ઇન્જેક્શનની જરૂરિયાતને દૂર કરે છે. ડોકટરો કહે છે કે આ ટેકનોલોજી ડાયાબિટીસના દર્દીઓની સારવારમાં નવી દિશા આપી શકે છે. નવી ઈત્રક્ષખ ટેકનોલોજી પહેલા કરતા પણ વધુ સમય સુધી ચાલે છે. તેનું સેન્સર હવે ૧૫ દિવસ સુધી સતત ગ્લુકોઝ લેવલને ટ્રેક કરે છે. તે ઉપલા હાથના પાછળના ભાગમાં પહેરવામાં આવે છે અને અત્યંત હલકું અને આરામદાયક છે. ઉપકરણની સૌથી મહત્વપૂર્ણ વિશેષતા રીઅલ-ટાઇમ ડેટા છે. દર્દીઓને હવે સેન્સર સ્કેન કરવાની જરૂર નથી.

આ સેન્સર બ્લૂટૂથ દ્વારા દર મિનિટે દર્દીના મોબાઈલ ફોન પર સીધા જ ખાંડનું સ્તર મોકલે છે. તેની એપ્લિકેશન છેલ્લા ૮ કલાકથી સંપૂર્ણ વલણ પણ દર્શાવે છે, જેનાથી દર્દીઓ અને ડોકટરો બંને પરિસ્થિતિને વધુ સારી રીતે સમજી શકે છે. આ ટેકનોલોજીની ચોકસાઈમાં નોંધપાત્ર સુધારો થયો છે. તે ખાંડના સ્તરને તપાસવા માટે વારંવાર આંગળી ઇન્જેક્શનની જરૂરિયાતને દૂર કરે છે. સતત રીડિંગ્સ દર્દીઓને તેમના ડાયાબિટીસને નિયંત્રિત કરવામાં નોંધપાત્ર રીતે મદદ કરે છે. ડોકટરો રીઅલ-ટાઇમ ડેટા પણ મેળવે છે, જેનાથી તેઓ કોઈપણ ગંભીર સ્થિતિને તાત્કાલિક ઓળખી શકે છે અને દર્દીને પોતાની જાતે સારવાર આપી શકે છે. સેન્સરમાં હાઈ અને લો બ્લડ સુગર માટે કસ્ટમ એલર્ટ પણ છે. જો ગ્લુકોઝનું સ્તર અચાનક ઘટી જાય છે અથવા વધે છે, તો મોબાઈલ ફોન તરત જ તેમને એલર્ટ કરે છે. આ સુવિધા ખાસ કરીને ઇન્સ્યુલિન લેતા દર્દીઓ માટે ફાયદાકારક છે. આ ટેકનોલોજી ટાઈપ ૧ અને ટાઈપ ૨ ડાયાબિટીસના દર્દીઓ બંને માટે ઉપયોગી છે.

રીઅલ-ટાઇમ એલર્ટ ઘણીવાર હાઈપોગ્લાયકેમિઆ અથવા હાઈપરગ્લાયકેમિઆ ગંભીર બને તે પહેલાં તેને રોકવામાં મદદ કરે છે. તે ૨ વર્ષથી વધુ ઉંમરના બાળકો માટે પણ સલામત છે. ડોકટરોના મતે, આ નવી મોનિટરિંગ સિસ્ટમ દર્દીઓને તેમના પરિવાર અને ડોક્ટર સાથે તેમનો ડેટા શેર કરવાની પણ મંજૂરી આપે છે, જેનાથી વધુ સચોટ સારવાર મળી શકે છે. નિષ્ણાતો કહે છે કે આ ટેકનોલોજી ભવિષ્યમાં ડાયાબિટીસના દર્દીઓની સારવારને સંપૂર્ણપણે બદલી શકે છે. સેન્સરમાં હાઈ અને લો બ્લડ સુગર માટે કસ્ટમ એલર્ટ પણ છે. જો ગ્લુકોઝનું સ્તર અચાનક ઘટી જાય છે અથવા વધે છે, તો મોબાઈલ ફોન તરત જ તેમને એલર્ટ કરે છે. ઇન્સ્યુલિન લેતા દર્દીઓ માટે આ સુવિધા ખાસ કરીને ફાયદાકારક છે.

# દૂધ સ્વાસ્થ્ય માટે શક્તિવર્ધક

## ઘણા લોકો દૂધ પીધા પછી પેટની સમસ્યાઓ અથવા અન્ય સમસ્યાઓની ફરિયાદ કરે છે

રાજકોટ, તા. ૧૮

દૂધ લાંબા સમયથી સ્વાસ્થ્ય અને શક્તિ સાથે સંકળાયેલું છે. બાળપણથી જ આપણને શીખવવામાં આવે છે કે દૂધ પીવાથી શરીર મજબૂત બને છે, હાડકાં મજબૂત બને છે અને નબળાઈ દૂર થાય છે. દૂધમાં ઘણા જરૂરી પોષક તત્વો હોય છે જે શરીરની જરૂરિયાતો પૂરી કરવામાં મદદ કરે છે. આ જ કારણ છે કે તેને આપણા રોજિંદા આહારનો આવશ્યક ભાગ માનવામાં આવે છે. જો કે, બદલાતી જીવનશૈલી અને નવી સ્વાસ્થ્ય માહિતી સાથે, દૂધ ખરેખર દરેક માટે ફાયદાકારક છે કે કેમ તે અંગે પ્રશ્નો ઉભા થયા છે. આનું કારણ એ છે કે ઘણા લોકો દૂધ પીધા પછી પેટની સમસ્યાઓ અથવા અન્ય સમસ્યાઓની ફરિયાદ કરે છે. તેથી, એ સમજવું મહત્વપૂર્ણ છે કે દૂધ શા માટે દરેક પર સમાન અસર કરતું નથી. ચાલો જોઈએ કે દૂધ દરેક માટે યોગ્ય કેમ નથી. દૂધ દરેકને અનુકૂળ આવે તે જરૂરી નથી. સૌથી સામાન્ય કારણ લેક્ટોઝ અસહિષ્ણુતા છે. આ વ્યક્તિઓમાં લેક્ટેઝ એન્ઝાઇમ ઓછું હોય છે, જેના કારણે દૂધ પચવામાં મુશ્કેલી પડે છે. આનાથી ગેસ, પેટમાં દુખાવો અને ઝાડા જેવી સમસ્યાઓ થઈ શકે છે.



કેટલાક લોકોને દૂધની એલર્જી અથવા લાળનું ઉત્પાદન વધવાનો પણ અનુભવ થઈ શકે છે, જે શરદી અને શ્વસન સમસ્યાઓને વધુ ખરાબ કરી શકે છે. નબળા પાચનતંત્ર ધરાવતા લોકોને દૂધ ભારે લાગી શકે છે. આ વ્યક્તિઓ દૂધ પીધા પછી પેટનું ફૂલવું અથવા ભારેપણું અનુભવી શકે છે. આ જ કારણ છે કે, તેના સ્વાસ્થ્ય લાભો હોવા છતાં, દૂધ દરેક માટે યોગ્ય પસંદગી માનવામાં આવતું નથી. કેટલાક કિસ્સાઓમાં, દૂધનું સેવન ત્વચાની સમસ્યાઓ વધારી શકે છે. ખાસ કરીને જેમની ત્વચા તૈલી હોય અથવા પહેલાથી ખીલની સમસ્યા હોય, દૂધ પીવાથી ખીલ વધવાના અહેવાલ છે. એવું માનવામાં આવે છે કે દૂધમાં રહેલા ચોક્કસ હોર્મોન્સ ત્વચાની તેલ ગ્રંથીઓને વધુ પડતી સક્રિય કરી શકે છે.

આનાથી છિદ્રો બંધ થઈ શકે છે અને ખીલ થઈ શકે છે. જો કે, આ દરેક સાથે થતું નથી. તે સંપૂર્ણપણે વ્યક્તિની ત્વચાના પ્રકાર અને શરીરની પ્રતિક્રિયા પર આધાર રાખે છે. જો કે, ત્વચાની સમસ્યાઓ ધરાવતા લોકોને તેમના દૂધના સેવન અંગે સાવચેત રહેવાની સલાહ આપવામાં આવે છે. જો દૂધ પીવાથી અસ્વસ્થતા થાય છે, તો તેને તેમના આહારમાં બળજબરીથી દાખલ કરવાની જરૂર નથી. આવા લોકો દૂધને દહીં, છાશ અથવા લેક્ટોઝ-મુક્ત દૂધથી બદલી શકે છે, જે પચવામાં સરળ હોય છે. દૂધનું પ્રમાણ ઘટાડવાથી શરીરની પ્રતિક્રિયા જોવા માટે પણ ઉપયોગ કરી શકાય છે. ત્વચા અથવા પેટ સંબંધિત સમસ્યાઓના કિસ્સામાં, ડોક્ટર અથવા પોષણશાસ્ત્રીની સલાહ લેવી શ્રેષ્ઠ છે. સૌથી અગત્યનું, દરેકનું શરીર અલગ હોય છે, તેથી તમારા સ્વાસ્થ્ય માટે શું શ્રેષ્ઠ કામ કરે છે તે પસંદ કરો.

# ખેલાડીઓનું આયુષ્ય વધારતું ટેનિસ

## લોકો ટેનિસ રમે છે તેઓ લગભગ ૯ થી ૧૦ વર્ષ લાંબુ જીવી શકે છે : સર્વે

રાજકોટ, તા. ૧૮

આજના ઝડપી જીવનમાં, લોકો લાંબુ અને સ્વસ્થ જીવન પ્રાપ્ત કરવા માટે વિવિધ પ્રયાસો કરી રહ્યા છે. કેટલાક તેમના આહાર પર ધ્યાન આપી રહ્યા છે, જ્યારે કેટલાક તેમની દિનચર્યામાં દૈનિક કસરતનો સમાવેશ કરી રહ્યા છે. દરમિયાન, રમતગમતને પણ સ્વાસ્થ્ય સાથે જોડવામાં આવી રહી છે. ટેનિસ અને આયુષ્યને જોડતા તાજેતરના એક અભ્યાસે વ્યાપક ધ્યાન ખેંચ્યું છે. આ સંશોધન પછી, સોશિયલ મીડિયા અને આરોગ્ય સંબંધિત પ્લેટફોર્મ પર ચર્ચાઓ તીવ્ર બની છે કે શું કોઈ ચોક્કસ રમત ખરેખર આયુષ્ય વધારવામાં મદદ કરી શકે છે. જો કે, આવા દાવાઓને સમજતા પહેલા, તેમની પાછળની સંપૂર્ણ વિગતો સમજવી મહત્વપૂર્ણ છે. આ પ્રશ્ન ઉઠાવે છે કે શું ટેનિસ રમવાથી ખરેખર આયુષ્ય વધે છે. ચાલો આ સંશોધનનું વિગતવાર અન્વેષણ કરીએ.

સંશોધન સૂચવે છે કે ટેનિસ ખેલાડીઓમાં આયુષ્યની સંભાવના વધુ હોય છે. તાજેતરના એક અભ્યાસ સૂચવે છે કે જે લોકો નિયમિતપણે ટેનિસ રમે છે તેમનું આયુષ્ય અન્ય રમતો રમતા અથવા ઓછા શારીરિક રીતે સક્રિય હોય તેવા લોકો કરતા લાંબુ હોઈ શકે છે. આ અભ્યાસ મુજબ, જે લોકો ટેનિસ રમે છે તેઓ લગભગ ૯ થી ૧૦ વર્ષ લાંબુ જીવી શકે છે. અભ્યાસમાં એ પણ જાણવા મળ્યું છે કે ટેનિસ જેવી સક્રિય અને સામાજિક રમતો વધુ ફિટ શરીરમાં ફાળો આપે છે. આરોગ્ય નિષ્ણાતો માને છે કે આવી રમતો હૃદયના સ્વાસ્થ્યને સુધારવા, ફિટનેસ જાળવવા અને માનસિક રીતે સક્રિય રહેવામાં મદદ કરી શકે છે. જોકે, નિષ્ણાતો એવું પણ માને છે કે આ પરિણામો જીવનશૈલી, આહાર અને નિયમિત શારીરિક પ્રવૃત્તિ જેવા ઘણા પરિબળો પર આધાર રાખે છે. તેથી, આને એક જ કારણને આભારી ગણવું યોગ્ય નથી.

ટેનિસની અસરો ફક્ત શારીરિક સ્વાસ્થ્ય સુધી મર્યાદિત નથી; તે માનસિક સ્વાસ્થ્ય માટે પણ ફાયદાકારક માનવામાં આવે છે. ટેનિસ રમવાથી તણાવ ઓછો થઈ શકે છે અને મૂડ સુધરે છે. રમત દરમિયાન, શરીરમાં એન્ડોર્ફિન જેવા હોર્મોન્સ મુક્ત થાય છે, જે ખુશીની લાગણીમાં ફાળો આપે છે. વધુમાં, ટેનિસ એક સામાજિક રમત છે જે લોકોને અન્ય લોકો સાથે જોડાવા દે છે. આ એકલતા ઘટાડે છે અને માનસિક સંતુલન જાળવી રાખે છે. લાંબા અને સ્વસ્થ જીવનમાં સારું માનસિક સ્વાસ્થ્ય પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આજકાલ, લોકો લાંબા અને સ્વસ્થ જીવન પ્રાપ્ત કરવા માટે વિવિધ પદ્ધતિઓ અપનાવી રહ્યા છે. દરમિયાન, નવા સંશોધનમાં ટેનિસ રમવા અને આયુષ્ય વચ્ચેનો સંબંધ જાહેર થયો છે. આ પ્રશ્ન ઉઠાવે છે કે શું ટેનિસ ખરેખર આયુષ્ય વધારવામાં મદદ કરી શકે છે. ચાલો આ સંશોધન વિશે વધુ જાણીએ.



ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪ અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો મહત્વપૂર્ણ નિર્ણય

# મહિલા સ્વ સહાય જુથોના સશક્તિકરણને બનાવાશે વ્યાપક : CM

## નોન પોલ્યુટીંગ ટેક્સટાઈલ મેન્યુફેક્ચરીંગ એક્ટિવીટીના મ્યુનિસીપલ વિસ્તારમાં આવતા એકમોને પોલિસીનો મળશે લાભ

ગાંધીનગર, તા.૧૮

ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪માં પહેલી વાર ગ્રામીણ અને શહેરી વિસ્તારોની મહિલાઓના સ્વ સહાય જુથ - સેલ્ફ હેલ્પ ગ્રુપના સશક્તિકરણ અને આવક વૃદ્ધિનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અભિગમ અપનાવેલો છે.

મહિલા સશક્તિકરણના આ અભિગમને વધુ વ્યાપક બનાવવા માટે ટેક્સટાઈલ પોલિસીની કેટલીક જોગવાઈઓમાં મહત્વપૂર્ણ સુધારા કરવાના દિશા નિર્દેશો આપ્યા છે. તદઅનુસાર, નેશનલ રૂરલ લાઈવલી હુડ મિશન તથા નેશન અર્બન લાઈવલી હુડ મિશનમાં નોંધાયેલા કે અન્ય સ્વૈચ્છિક સ્વ સહાય જુથ જેમાં આજીવિકાના સમાન હેતુ થી જોડાયેલી મહિલાઓના એક અથવા એકથી વધુ સેલ્ફ હેલ્પ ગ્રુપને ટેક્સટાઈલ પોલિસી અંતર્ગત લાભ મળી શકશે.





એક અન્ય નિર્ણય એવો પણ મુખ્યમંત્રીએ કર્યો છે કે, રાજ્યમાં મ્યુનિસીપલ એરીયાની હદમાં આવતા હોય તેવા ગારમેન્ટ, એપેરલ અને મેડઅપ્સ, સ્ટીચીંગ, એમ્બ્રોઈડરી તથા અન્ય એક્ટિવિટી સાથે સંકળાયેલા નોન પોલ્યુટીંગ ટેક્ષટાઈલ મેન્યુફેક્ચરીંગ એક્ટિવિટીવાળા એકમોને પણ આ ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪નો લાભ અપાશે. રાજ્યની અર્થવ્યવસ્થા અને દેશની આર્થિક પ્રગતિમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવતા કાપડ ઉદ્યોગની ટેક્સટાઈલ વેલ્યુ ચેઈનના દરેક સેગમેન્ટનું એનાલીસીઝ કરીને ગારમેન્ટ અને એપેરલ તથા ટેક્નિકલ ટેક્સટાઈલમાં વિશેષ ફોકસ કરવાનો વ્યુહ ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪માં મુખ્યમંત્રીએ અપનાવ્યો છે.

આના ભાગરૂપે ટેક્ષટાઇલની નોન પોલ્યુટીંગ પ્રવૃતિ ગારમેન્ટ, એપેરલ અને મેડઅપ્સ, સ્ટીંચીંગ, એમ્બ્રોડરી તથા અન્ય વેલ્યુએડેડ એક્ટિવિટિ ધરાવતા એકમો કે જે ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ(GPCB)ની પ્રર્વતમાન White Category તથા Green Category અથવા તેને સમકક્ષ GPCBના પ્રવર્તમાન જોગવાઈ / કેટેગરી ક્લાસીફીકેશન હેઠળ સમાવેશ થતા તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારની હદમાં સ્થાપિત એકમોને પણ ગુજરાત ટેક્ષટાઈલ પોલીસી ૨૦૨૪ અંતર્ગત સહાય પાત્ર ગણવામાં આવશે તેવું જાહેર કરાયું છે.

મુખ્મંત્રી ભૂપેન્દ્ર પટેલના આ નિર્ણયથી રાજ્યના મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારની હદમાં આવેલા નોન પોલ્યુટીગ ટેક્ષટાઈલ એકમોને યોજનાનો બહોળો લાભ મળશે.

એટલું જ નહિ,શહેરી વિસ્તારમાં રોજગાર સર્જનને પ્રોત્સાહન મળશે તથા કુશળ/અર્ધકુશળ કામદારો માટે સ્થાનિક સ્તરે રોજગારની તકો વધશે. નોન-પોલ્યુટીંગ ટેક્ષટાઈલ પ્રવૃત્તિઓને શહેરી વિસ્તારમાં માન્યતા મળવાથી સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો (MSMEs)ને વિકાસ માટે પણ અનુકૂળ વાતાવરણ મળશે. આ ઉપરાંત મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં ઉપલબ્ધ આંતર માળખાકીય સુવિધાઓનો અસરકારક ઉપયોગ થશે, જેના કારણે ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થશે અને સ્પર્ધાત્મકતાને પ્રોત્સાહન મળશે તેવું મનાય છે. ગારમેન્ટ, એપેરલ, સ્ટીચિંગ તથા એમ્બ્રોડરી જેવી લેબર-ઈન્ટેન્સિવ અને નોન-પોલ્યુટીંગ ટેક્ષટાઈલ પ્રવૃત્તિઓ શહેરી વિસ્તારમાં સ્થિત થવાથી મહિલા કર્મચારીઓને સ્થાનિક સ્તરે રોજગારીની વધુ તક ઉપલબ્ધ થશે, જેના પરિણામે તેમની સામાજિક-આર્થિક સ્થિરતા વધશે તેમજ કાર્ય-જીવન સંતુલન જાળવવામાં સહાય મળશે.

આ ઉપરાંત નોન-પોલ્યુટીંગ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળવાથી પર્યાવરણ સુરક્ષા તથા સંતુલીત અને ટકાઉ ઔદ્યોગિક ક્ષવિકાસના ઉદ્દેશો પાર પાડી શકાશે. ગુજરાત ટેક્ષટાઇલ પોલીસી - ૨૦૨૪ અંતર્ગત સ્વસહાય જૂથ(સેલ્ફ હેલ્પ ગ્રુપ - SHG) ને મળવાપાત્ર લાભો ઉપરાંત મુખ્યમંત્રીના આ નિર્ણય ને પરિણામે રાજ્યની મહિલાઓ વધુ આર્થિક સશક્ત અને સ્વનિર્ભર બની શકશે.

આ પ્રકારના પગલાં તેમને વધુ અવસર અને સશક્તતા પ્રદાન કરશે, જેથી તેઓ સમાજ, અર્થવ્યવસ્થા અને વ્યવસાય ક્ષેત્રે વધુ મજબૂત બની શકે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી તથા ઉદ્યોગ મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં ગુજરાત ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪માં કરવામાં આવેલા આ સુધારાઓથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશને ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બનાવવા માટે ટેક્સટાઈલ સેક્ટર પણ પૂરક બનશે અને વિકસિત ભારત ૨૦૪૭માં ગુજરાત અગ્રીમ યોગદાન આપી શકશે.

# જૂની અદાવત લોહિયાળ બની : આધેડની હત્યા

## ગઢડામાં ઉત્તરાયણ પર્વ દરમિયાન થયેલી સામાન્ય બોલાચાલીમાં ઘાયલ અહેમદભાઈ તરકવાડીયાએ દમ તોડ્યો




રાજકોટ, તા.૧૮

બોટાદ જિલ્લાના ગઢડા શહેરમાં ઉત્તરાયણ પર્વ દરમિયાન બે જૂથો વચ્ચે થયેલી સામાન્ય તકરારે ગંભીર અને લોહિયાળ વળાંક લીધો હતો. જૂની અદાવત અને નજીવી બાબતે થયેલી આ અથડામણમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા અહેમદભાઈ તરકવાડીયા નામના આધેડ વ્યક્તિનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજતા બનાવ હત્યામાં પરિણમ્યો છે. આ બનાવને પગલે ગઢડા પોલીસે હવે આ મામલામાં હત્યાની કલમનો ઉમેરો કરી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

આ ઘટનાની વિગત મુજબ, ગઢડાના જૂના પાદર વિસ્તારમાં રહેતા બે પક્ષો વચ્ચે કોઈ જૂની બાબતની અદાવતમાં બોલાચાલી થઈ હતી. જેમાં મામલો બિચકતા બંને જૂથના લોકો સામસામે આવી ગયા હતા અને તીક્ષ્ણ હથિયારો તથા લાકડીઓ વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ મારામારીમાં અહેમદભાઈ તરકવાડીયાને ગંભીર ઈજાઓ પહોંચતા તેઓને લોહીલુહાણ હાલતમાં પ્રથમ ગઢડા અને ત્યારબાદ વધુ સારવાર અર્થે ભાવનગર ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ અથડામણના મામલે પોલીસે પૂર્વ આયોજિત કાવતરું અને હત્યાના ગુના હેઠળ તપાસ હાથ ધરી છે. આ બનાવમાં આરોપીઓ તરીકે ઈરફાન ઉર્ફે કાળુ, હુસેનશા ઉર્ફે બાબુશા અને અન્ય શખ્સોના નામ સામે આવ્યા છે. હત્યાના આ બનાવને પગલે શહેરમાં તંગદિલી ન ફેલાય તે માટે પોલીસ દ્વારા લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને ફરાર આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# કૂતરું કરડ્યાના ૪ મહિના બાદ ઉપડ્યો હડકવાઃ મોત

## નિવૃત IASની પુત્રીનું કરૂણ મોત : ગાંધીનગરના પોલીસબેડામાં શોક

રાજકોટ, તા.૧૮

ઘરેલું શેરીનું, પાલતું કે હડકાયું કુતરું કરડે ત્યારે ઉચિત સારવાર લેવામાં દાખવાતી બેદરકારી ઘણીવખત મૃત્યુનું કારણ બની જતું હોય છે. આવો જ એક કિસ્સો ગાંધીનગરમાં બહાર આવતા જાણકારોમાં અરેરાટી ફેલાઈ છે. ગાંધીનગરમાં રહેતા નિવૃત IAS અધિકારીના પરિણીત પુત્રીનું કૂતરું કરડ્યા બાદ હડકવા ઉપડવાથી મોત થયું છે. મૃતક મહિલા ગાંધીનગરના જાણીતા શાળા પરિવાર સાથે જોડાયેલા હતા. શાળામાં જ ફરજ બજાવતા સિક્યુરિટી ગાર્ડના 'બીગલ' બ્રીડના ડોગને રમાડી રહ્યા હતા તે દરિયામન તેણે બચકું ભર્યું હતું. ઘા સામાન્ય હોવાથી કોઈ સારવાર લેવામાં આવી ન હતી. પરંતુ ઘટનાના ચાર મહિના બાદ મહિલાને હડકવા ઉપડ્યો હતો. એકાદ પખવાડિયાની સારવાર બાદ મહિલાનું મોત થતાં શાળા અને પરિવાર અને પોલીસબેડામાં શોક છવાયો છે.



મળતી વિગતો મુજબ આજથી ચાર મહિના પહેલા શાળા સાથે જોડાયેલી મહિલા, સિક્યુરિટી ગાર્ડના સ્ટાફ પાસે રહેલા 'બીગલ' બ્રીડના ડોગ પંપાળી રહી હતી. ત્યારે અચાનક જ તેને મહિલાને બચકું ભરી લીધું હતું. પણ પાલતુ ડોગ હોવાથી ઘટનાને ગંભીરતાથી લેવામાં આવી ન હતી. બાદમાં ૧૭ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ 'બીગલ' બ્રીડના ડોગને પણ હડકવા ઉપડ્યો હતો અને તેનું પણ મોત નીપજ્યું હતું. આ ઘટના બાદ શાળાના સંચાલકોએ પણ તમામ વાલીઓ અને સ્ટાફને મેસેજ કરી જાણ કરી હતી કે જો કોઈ વિદ્યાર્થી કે સ્ટાફનું કોઈ માણસ 'બીગલ' ડોગના સંપર્કમાં આવ્યું હોય તો તાત્કાલિક રસી મુકાવી દે, સ્કૂલ દ્વારા રેબીઝની રસી પણ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. ઘટનાને ઘણા દિવસો વીતી ગયા હોવાથી મહિલાએ આ વાતને પણ ટાળી હતી.

પરંતુ ગત ડિસેમ્બર મહિનામાં મહિલાની તબિયત અચાનક લથડી હતી. જેથી ૩૧ ડિસેમ્બરના રોજ અમદાવાદના ભાટ નજીક આવેલી ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. જ્યાં ડોક્ટરે રેબીઝના લક્ષણો જણાતા જરૂરી રિપોર્ટની તજવીજ હાથ ધરી હતી. જેમાં મહિલાને હડકવા જેને હાઇડ્રોફોબિયા તરીકે પણ ઓળખવામાં આવે છે તેની પુષ્ટિ થઈ હતી. બાદમાં ડોકટરોએ સતત ૧૯દિવસ સુધી હડકવા વિરોધી સારવાર કરી હતી પણ અંતે ૧૭ જાન્યુઆરીના રોજ મહિલાનું મોત થયું છે. મૃતક મહિલાના પિતાએ ગુજરાત સરકારમાં એડિશ્નલ ચીફ સેક્રેટરી તરીકે સેવા આપી હતી અને તેઓ ૨૦૦૧માં નિવૃત થયા હોવાની વિગતો મળી હતી.

હડકવાના કારણે ડોક્ટરની સલાહ મુજબ મૃતદેહને સંપૂર્ણ રીતે પ્લાસ્ટિક બેગમાં કવર કરી દેવામાં આવ્યો હતો. બાદમાં ગાંધીનગર સેક્ટર-૩૦ સ્મશાન ગૃહમાં ઈલેક્ટ્રિક ભઠ્ઠીમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. સૌ માટે ચેતવણીરૂપ ઘટના અગે અભ્યાસુઓનું કહેવું છે કે હડકવા પ્રાણીના કરડવાથી લાળ દ્વારા ફેલાય છે. શ્વાન, ગાય, ઘોડા, બકરા, સસલા અને જંગલી પ્રાણીઓ જેવા કે શિયાળ, ચામાચીડિયા, કોયોટ્સ, શિયાળ અને હાયના જેવા ખેતરના પ્રાણીઓ હડકવાથી સંક્રમતિ હોય શકે છે. જેથી તકેદારી રાખવી જરૂરી છે. એકવાર લક્ષણો શરૂ થઈ જાય, પછી હડકવાનો ઈલાજ થઈ શકતો નથી તેવું માનવું છે.

નિષ્ણાંત તબીબોનું કહેવું છે કે, હડકવાના લક્ષણો અને ચિહ્નો રોગના અંતિમ તબક્કા સુધી દેખાતા નથી, તે સમય સુધીમાં વાઈરસ મગજમાં ફેલાય છે જેના કારણે એન્સેફાલીટીસ, અને તરત જ મૃત્યુ થવાની સંભાવના વધી જાય છે. હડકવાનો ઈન્ક્યુબેશન પિરિયડ હોય છે, જેનો અર્થ છે કે લક્ષણો અને ચિહ્નો દેખાય તે પહેલા તે વ્યક્તિના શરીરમાં કેટલાક દિવસો સુધી નિષ્ક્રિય રહે છે. પ્રારંભિક લક્ષણોમાં માથાનો દુખાવો, ગળામાં દુખાવો, તાવ અને ડંખના સ્થળે કળતર. વધુ પડતી લાળ, ગળવામાં તકલીફ, ગળવામાં તકલીફને કારણે પાણીનો ડર, ચિંતા, મૂંઝવણ, જેવા લક્ષણો અનિદ્રા અને આંશિક લકવો અને ક્યારેક કોમા પણ હડકવા સૂચવે છે.વ્યક્તિ અવાજ, પ્રકાશ અને હવાના ઠંડા પ્રવાહ માટે પણ અસહિષ્ણુ છે. હવાનો ડર (એરોફોબિયા) જોવા મળે છે.

### કૂતરું કરડે ત્યારે શું કરવું? ન કરવું ?

પાલતું , શેરીનું કે હડકાયું કુતરું કરડે ત્યારે નિષ્ણાંત તબીબોના કહેવા મુજબા ઘાને નળ નીચે વહેતા પાણીમાં સાબુ અથવા એન્ટીસેપ્ટિક દવાથી ૧૦-૧૫ મિનિટ ધોઈને સાફ કરવું જરૂરી છે. પરિણામે પ્રાણીની લાળમાં વાઈરસ હોય તો સાફ થઈ જાય અને ઈન્ફેક્શન ઓછા પ્રમાણમાં લાગી શકવાની શક્યતા દેખાય છે.ઘાને ધોઈ સાફ કર્યા બાદ એન્ટીસેપ્ટિક દવા લગાવવી.કોઈપણ પ્રાણી કે કૂતરૂ કરડે તો બાધા કે ભુવા પાસે જવા કરતાં તાત્કાલિક રસી મુકાવો અને તે બાબતે બેદરકારીથી દૂર રહેવું જરૂરી છે. સરકારી/પ્રાઈવેટ દવાખાનામાં હડકવાની રસી મુકાવવી. તેમજ હડકવાના તમામ ડોઝ નિયમિત સમયસર પૂર્ણ કરવા હિતાવહ છે. રસી લેવા માટેનું કાર્ડ સાચવવું અને તમામ ડોઝ સમયસર લેવાય તે માટે સાથે રાખીને અર્થ વગરની હેરાનગતિ ટાળવી જોઈએ પ્રાણી હડકવાના લક્ષણો ધરાવે છે કે કેમ ? જેની ખાત્રી કરવી અને ડોકટરને જાણ કરવામાં આવે તો સંબંધિત તબીબ તે પ્રકારની સારવાર કરી શકે તેવું મનાય છે. જો પાલતું પ્રાણીઓ હોય તો તેને સમયસર રસી અપાવવા તેના માલિકે સતત સતર્ક રહેવું જોઈએ. પ્રાણીઓની સાર-સંભાળ કરતા લોકોએ પણ હડકવા ન થાય તે માટે હડકવાની રસીના ડોઝ અવશ્ય લેવા જોઈએ તેવું કહેવું અનુચિત નથી. કુતરું - પ્રાણી કરડ્યું હોય તો ઘા પર ખુલ્લા હાથે અડવું નહીં. પ્રાણી કરડ્યું હોય તો ઘા પર મરચું, હળદર કે ચૂનો લગાવવો નહીં. ઘા પર કોઈ તેલ પદાર્થ લગાવવો નહીં.અને અંધ વિશ્વાસ જેવા પ્રયોગો કરવા નહીં..નાના બાળકોને રખડતા પ્રાણીઓ સાથે રમવા દેવા નહીં તેની પણ વાલીઓએ જાગૃતિ દાખવવી જરૂરી છે.

ઔદ્યોગિક ઈકોસિસ્ટમને મજબૂત કરવાનો અને યુવાનો માટે નવી રોજગારીની તકો ઉભી કરવાનો ઉદ્દેશ

# વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં જોડાવા Dy.CM સંઘવી આજથી સ્વિત્ઝર્લેન્ડના પ્રવાશે

## ૫૮થી વધુ ગ્લોબલ દિગ્ગજો સાથે કરશે મેરેથોન બેઠકો : 'વિકસિત ગુજરાત'નો રોડમેપ કરાશે રજૂ



ગાંધીનગર, તા.૧૮

રાજ્ય સરકારનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં સ્વિત્ઝર્લેન્ડના દાવોસ ખાતે યોજાઈ રહેલી 'વર્લ્ડ ઈકોનોમિક ફોરમ- ૨૦૨૬માં ભાગ લેવા જવાનું છે. ગુજરાતને વૈશ્વિક વિકાસના નકશા પર અગ્રેસર રાખવા અને 'વિકસિત ગુજરાત-૨૦૪૭ના સંકલ્પને વૈશ્વિક મંચ પર લઈ જવા માટે આ ફોરમમાં રાજ્ય સરકારનું પ્રતિનિધિમંડળ જોડાવાનું છે.૧૯ થી ૨૩ જાન્યુઆરી દરમિયાન યોજાનારી આ મહત્વપૂર્ણ વાર્ષિક બેઠકમાં ગુજરાતની સહભાગીતા, આંતરરાષ્ટ્રીય સહયોગ અને ઝડપી આર્થિક વિકાસ પ્રત્યે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આ પ્રવાસ દરમિયાન હર્ષ સંઘવી વિવિધ બેઠકોમાં ભાગ લેશે. ગુજરાતમાં રોજગારી અને ઔદ્યોગિક વિકાસને વેગ આપવા માટે તેઓ એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ, ટેક્સટાઈલ, સેમિકન્ડક્ટર, ફાર્માસ્યુટિકલ્સ, રિન્યુએબલ એનર્જી, ફૂડ પ્રોસેસિંગ, કેમિકલ્સ, શિપિંગ-લોજિસ્ટિક્સ અને એરોસ્પેસ જેવા મહત્વના ક્ષેત્રોમાં રોકાણ આકર્ષવા માટે વિશ્વના ટોચના ઉદ્યોગપતિઓ અને નેતાઓ સાથે ૫૮ (૫૮) જેટલી હાઈ-લેવલ 'વન-ટુ-વન' બેઠકોનું આયોજન કરાયું છે. હર્ષ સંઘવીનો મુખ્ય હેતુ ગુજરાતની ઔદ્યોગિક ઈકોસિસ્ટમને મજબૂત કરવાનો અને રાજ્યના યુવાનો માટે મોટા પાયે નવી રોજગારીની તકો ઉભી કરવાનો છે.

રાજ્ય સરકારનું પ્રતિનિધિમંડળ આ મુલાકાત દરમિયાન વિશ્વની નામાંકિત કંપનીઓ જેવી કે AP Moller Maersk, Engie, EDF, Johnson Controls, Sumitomo Group, Linde, SEALSQ અને Tillman Global ના વડાઓ સાથે રૂબરૂ ચર્ચા કરશે. આ બેઠકો દ્વારા ગુજરાતમાં નવી ટેકનોલોજી લાવવા, ઈનોવેશનને પ્રોત્સાહન આપવા અને લાંબા ગાળાના આંતરરાષ્ટ્રીય સંબંધો વિકસાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવશે. ગુજરાત સરકારનો પ્રયાસ છે કે ગ્લોબલ વેલ્યુ ચેઈનમાં ગુજરાત એક મહત્વના ભાગીદાર તરીકે ઉભરી આવે તેવું મનાય છે.

આ ફોરમમાં રોકાણ આકર્ષવા ઉપરાંત, વૈશ્વિક નીતિવિષયક ચર્ચાઓમાં પણ ગુજરાતનો અવાજ બુલંદ રહેશે. હર્ષ સંઘવી વિવિધ પ્રતિષ્ઠિત સત્રોમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહીને ગુજરાતનું વિઝન રજૂ કરશે. તેઓ 'નવી ભૌગોલિક-આર્થિક વ્યવસ્થામાં ભારત', 'સ્પોર્ટ્સની શક્તિઃ ભવ્યતાથી વારસા તરફ', 'કોલ ટુ ક્લીન ઈનિશિયેટિવ' અંતર્ગત એનર્જી ટ્રાન્ઝિશન, 'મિશન વોટર' દ્વારા જળ સુરક્ષા અને 'સસ્ટેનેબિલિટી' જેવા વિષયો પર ગુજરાતના સફળ વિકાસ મોડલની વાત દુનિયા સમક્ષ મૂકશે. આ સત્રો દ્વારા ગુજરાત પોતાની વિકાસગાથાને વૈશ્વિક ફલક પર ઉજાગર કરશે.

'ગુજરાત - રેડી ફોર ધ વર્લ્ડ, વ્હેર વિઝન મીટ્સ એક્શન' ના સ્પષ્ટ સંદેશ સાથે રાજ્ય સરકાર આગળ વધી રહી છે. સરકારનો ઉદ્દેશ્ય સ્પષ્ટ છે કે ઈનોવેશન અને મૂડીરોકાણ દ્વારા એક મજબૂત અને ભવિષ્ય માટે સજ્જ અર્થતંત્રનું નિર્માણ કરવું. વર્લ્ડ ઈકોનોમિક ફોરમ એ વૈશ્વિક અર્થવ્યવસ્થાની દિશા નક્કી કરતો એક મહત્વપૂર્ણ મંચ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ મંચના માધ્યમથી પણ ભારતને એક સશક્ત વૈશ્વિક શક્તિ તરીકે પ્રસ્થાપિત કર્યું હોવાનું મનાય છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# પોલીસને બચાવો..!

## ગુન્હાખોરીનો વિકાસઃ પોલીસ સ્ટેશન પર પણ હુમલા



હવે તો ગુનેગારો પણ 'આત્મનિર્ભર' થઈ ગયા છે. પહેલા ગુનેગારો પોલીસને જોઈને ગલીઓ બદલી નાખતા, હવે પોલીસ સ્ટેશન જોઈને સોડાની બાટલીઓ ફોડે છે. રાજકોટના ગાંધીગ્રામમાં જે થયું, તે જોઈને લાગે છે કે કાયદો હવે માત્ર કાગળ પરની શોભા છે.ગુજરાતમાં પોલીસ પર હુમલાની ઘટનાઓ કોઈ નવી વાત નથી રહી. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB) અને તાજેતરના અહેવાલો મુજબ, ગુજરાતમાં દર વર્ષે સરેરાશ ૧૫૦ થી ૨૦૦ જેટલા કિસ્સાઓ પોલીસ કર્મચારીઓ પર હુમલા અથવા ફરજમાં રુકાવટના નોંધાય છે. હજુ ગત મહિને જ બનાસકાંઠાના પડલિયામાં ૫૦૦ના ટોળાએ હુમલો કરતા ૪૭ જેટલા અધિકારીઓ ઘાયલ થયા હતા.

રાજકોટમાં પણ તાજેતરમાં જ રિકન્સ્ટ્રક્શન દરમિયાન એક આરોપીએ પોલીસ પર ધારિયા વડે હુમલો કરવાની હિંમત કરી હતી. આ આંકડા સાક્ષી પૂરે છે કે 'ખાખી' નો ખોફ હવે ઈતિહાસ બની રહ્યો છે.

રાજકોટમાં પોલીસ ચોકી પર સોડા બાટલીથી હુમલો થયો. આ કોઈ ફિલ્મી સીન નથી, આ વરવી વાસ્તવિકતા છે. રક્ષકો જ ભક્ષકોના નિશાને છે. જ્યારે પોલીસ પોતાની ચોકી બચાવી શકતી નથી, ત્યારે જનતાએ પોતાના ઘરની સુરક્ષા રામ ભરોસે છોડવી રહી. તંત્રની ધાક હવે સોડાની ગેસ માફક ઉડી ગઈ છે. ગુનેગારોને ખબર છે કે 'સાહેબ' તો લાચાર છે.

પોલીસ લાચાર છે કારણ કે ઉપરથી 'શિસ્ત' ના ઓર્ડર છે અથવા રાજકીય દબાણના હાથ બંધાયેલા છે. ગુનેગારો હાવી છે કારણ કે તેમને ખબર છે કે સિસ્ટમમાં કાણાં ક્યાં છે. જો વર્ષે દહાડે સેંકડો પોલીસકર્મીઓ હુમલાનો શિકાર બનતા હોય, તો સામાન્ય નાગરિકની સલામતીની તો વાત જ ક્યાં કરવી? હવે 'પોલીસ પ્રોટેક્શન' શબ્દ જ રમુજી લાગે છે, કારણ કે પોલીસને જ પ્રોટેક્શનની જરૂર છે.

કાયદો-વ્યવસ્થા હવે ખાડે ગઈ છે. સોડા બાટલી ફેંકનારાઓને કાયદાનો ડર નથી, ઉલટાનું મનોરંજન લાગે છે. જો પોલીસ ગુન્હેગારો પર વહેલી તકે ધાકનહિ જમાવે તો સામાન્ય માણસ તો ન્યાયની આશા જ છોડી દેશે. રાજ્ય સરકાર જાગે અને ખાખીની આબરૂ બચાવે,નહીંતર હવે ગુનેગારો પોલીસ સ્ટેશનનું ઉદઘાટન કરવા પણ પહોંચી જશે!

ગુન્હાખોરોના હાથે માર ખાવો પોલીસ માટે રુટીન બનવા લાગ્યું છે.પોલીસ વટ કરીને ગુન્હેગારોનું સરઘસ કાઢે છે. મોટાભાગે તેમાં પણ સેટિંગ હોય છે.જાહેરમાં ગુન્હેગાર લંગડાતો ચાલે છે,એમ લાગે કે પોલીસે બરબરનો મેથીપાક આપ્યો હશે, વાસ્તવમાં સેટિંગના ભાગરુપે લંગડાતા ચાલતા હોય છે.આવા સેટિંગના કારણે ગુન્હાખોરો ફાટીને ધૂમાડે ગયા છે, પોલીસ નબળી પડી છે.રાજ્યમાં નવેસરથી પોલીસ તંત્ર સર્જવું પડે તેવી સ્થિતિ છે.



# કેજરીવાલનો કાર્યક્રમ રદ કર્યાનો આક્ષેપ

## કેજરીવાલના ગુજરાતના કાર્યક્રમ લઈને ગોપાલ ઈટાલીયાનું નિવેદન

નવીદિલ્હી, તા. ૧૮

આમ આદમી પાર્ટીએ ભાજપની આગેવાની હેઠળની ગુજરાત સરકાર પર ગંભીર આરોપ લગાવ્યો છે. આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલિયાએ આરોપ લગાવ્યો છે કે ગુજરાત સરકારે અરવિંદ કેજરીવાલનો કાર્યક્રમ રદ કરાવ્યો છે. તેમણે કહ્યું કે સરકારે કાર્યકર્તા સંમેલનની પરવાનગી રદ કરી છે, અને પોલીસે રાત્રે સ્થળ પર દરોડા પાડ્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે સ્થળના માલિક દ્વારા તેમને ધમકી આપવામાં આવી હતી. તેમણે કહ્યું કે ભાજપ અઅડના વધતા સમર્થન આધારથી ડરી ગઈ છે. તેમણે કહ્યું કે કાર્યકર્તા સંમેલન હવે અલગ જગ્યાએ યોજાશે. દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ આજથી ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે છે. શનિવારે અમદાવાદ એરપોર્ટ પર પહોંચ્યા પછી, કેજરીવાલે ભારતીય જનતા પાર્ટી પર આકરા પ્રહારો કર્યા. તેમણે ગંભીર આરોપ લગાવ્યા કે ગુજરાતમાં ભય, ભ્રષ્ટાચાર અને દબાણનું વાતાવરણ છે અને કહ્યું કે ભાજપે છેલ્લા ત્રણ દાયકાથી રાજ્યને ખાડામાં ધકેલી દીધું છે.

મીડિયા સાથે વાત કરતા, અરવિંદ કેજરીવાલે કહ્યું કે ગુજરાતના દરેક ખૂણામાં ભય અને ભ્રષ્ટાચાર ફેલાયેલો છે. જે કોઈ પણ ભાજપ વિરુદ્ધ બોલે છે તેને ડરાવવામાં આવે છે અથવા જેલમાં ધકેલી દેવામાં આવે છે. તેમણે આરોપ લગાવ્યો કે રાજ્યમાં ભ્રષ્ટાચાર વ્યાપી ગયો છે, પરંતુ સરકારી મશીનરી અને દબાણને કારણે કોઈ બોલવાની હિંમત કરતું નથી. લોકોને ડરાવવામાં આવી રહ્યા છે અને સત્તા ટકાવી રાખવા માટે સરકારી મશીનરીનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. અઅડ ના ડો. કરણ બારોટે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં, આમ આદમી પાર્ટી એ સમગ્ર ગુજરાતમાં ૧૮,૦૦૦ થી વધુ સભાઓ યોજી છે. આ સભાઓએ ગુજરાતના લોકોને સફળતાપૂર્વક પાર્ટી સાથે જોડ્યા છે અને મહત્વપૂર્ણ જાહેર મુદ્દાઓ ઉઠાવ્યા છે. ભવિષ્યમાં સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે, આમ આદમી પાર્ટીએ સાત ઝોનમાં બૂથ કાર્યકર્તા સંમેલનોનું આયોજન કર્યું છે.

તેમણે માહિતી આપી હતી કે સેન્ટ્રલ ઝોન હેઠળ અમદાવાદમાં અમદાવાદ, ખેડા, ગાંધીનગર અને સુરેન્દ્રનગર લોકસભા મતવિસ્તારોને આવરી લેતા કાર્યકર્તા સંમેલન યોજાશે. સોમવારે, પૂર્વ ઝોન હેઠળ વડોદરામાં આણંદ, વડોદરા, દાહોદ, પંચમહાલ અને છોટા ઉદેપુર જિલ્લાઓને આવરી લેતા એક સંમેલન યોજાશે.

# એક દશકામાં જાતિવાદ થઈ જશે ખતમ

## રાષ્ટ્રીય સ્વયં સુરક્ષ સંઘના વડા મોહન ભાગવતે જાતિ ભેદભાવ નાબૂદ કરવા કર્યું આહવાન

નવીદિલ્હી, તા. ૧૮

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના વડા મોહન ભાગવતે જાતિ ભેદભાવ નાબૂદ કરવા માટે આહ્વાન કર્યું છે. તેમણે કહ્યું કે જો નિષ્ઠાવાન પ્રયાસો કરવામાં આવે તો ૧૦-૧૨ વર્ષમાં જાતિવાદ નાબૂદ કરી શકાય છે. ભાગવતે જણાવ્યું હતું કે સંઘનો ઉદ્દેશ્ય ચરિત્ર નિર્માણ દ્વારા ભારતને તેના સર્વોચ્ચ ગૌરવ સુધી પહોંચાડવાનો છે, સ્વ-ઉન્નતિ દ્વારા નહીં. રવિવારે, RSS વડા મોહન ભાગવતે RSS ના શતાબ્દી વર્ષ નિમિત્તે છત્રપતિ સંભાજીનગરમાં એક જાહેર સભામાં જનતાને સંબોધિત કરી. RSS વડા મોહન ભાગવતે જણાવ્યું હતું કે જો જાતિ ભેદભાવ નાબૂદ કરવો હોય તો પહેલા મનમાંથી જાતિ દૂર કરવી પડશે. ભાગવતે એક જાહેર સેમિનારમાં જણાવ્યું હતું કે, ''પહેલાં, જાતિ વ્યવસાય અને કાર્ય સાથે જોડાયેલી હતી, પરંતુ પછીથી તે સમાજમાં ફેલાયેલી હતી અને ભેદભાવનું કારણ બની ગઈ.'' RSS ના શતાબ્દી વર્ષ નિમિત્તે આયોજિત આ સેમિનારમાં તેમણે જનતા સાથે વાર્તાલાપ કર્યો હતો. પ્રાંતીય સંઘચાલક અનિલ ભાલેરાવ પણ મંચ પર હાજર હતા.



જાતિવાદની સમસ્યા પર બોલતા, ભાગવતે લોકોને તેમના મનમાંથી તેને દૂર કરવાની અપીલ કરી. તેમણે કહ્યું, ''આ ભેદભાવનો અંત લાવવા માટે, મનમાંથી જાતિવાદ દૂર કરવો પડશે. જો આ નિષ્ઠાપૂર્વક કરવામાં આવે તો, ૧૦ થી ૧૨ વર્ષમાં જાતિવાદનો અંત આવશે.'' શ્રોતાઓના પ્રશ્નોના જવાબ આપતા ભાગવતે જણાવ્યું કે સંઘનો ઉદ્દેશ્ય ભારતને તેના શ્રેષ્ઠ ગૌરવ તરફ લઈ જવાનો છે, સાથે સાથે સમાજને પણ સાથે લઈ જવાનો છે. તેમણે કહ્યું કે સંઘ વ્યક્તિના ચારિત્ર્ય નિર્માણ દ્વારા રાષ્ટ્ર નિર્માણ માટે કામ કરે છે અને તે પ્રતિક્રિયા તરીકે સ્થાપિત સંગઠન નથી, કે તે કોઈની સાથે સ્પર્ધા કરતું નથી. તેમણે કહ્યું, ''સંઘનો ઉદ્દેશ્ય ભારત અને સમગ્ર સમાજને તેના શ્રેષ્ઠ ગૌરવ તરફ લઈ જવાનો છે. સંઘ પોતાને મહાન બનાવવા માંગતો નથી; તે સમાજને મહાન બનાવવા માંગે છે.'' તેમણે કહ્યું કે જો લોકો સંઘને સમજવા માંગતા હોય, તો તેમણે તેની શાખાઓમાં આવવું જોઈએ. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના વડા મોહન ભાગવતે ૧૦ થી ૧૨ વર્ષમાં જાતિ ભેદભાવ દૂર કરવાની હાકલ કરી છે. તેમણે ભાર મૂક્યો કે મનમાંથી જાતિવાદ દૂર કરવો જરૂરી છે. તેમણે કહ્યું કે સંઘ સમાજને સશક્ત બનાવવામાં માને છે.

# પશ્ચિમ બંગાળમાંથી જંગલ રાજ હટાવાશે : PM

## વડાપ્રધાન મોદીએ સિંગુરમાં જાહેર સભા સંબોધી : ટીએમસી પર કર્યા આકરા પ્રહાર



નવીદિલ્હી, તા. ૧૮

પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લાના સિંગુરમાં એક જાહેર સભાને સંબોધતા પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે લોકો વાસ્તવિક પરિવર્તનની આશા સાથે આવ્યા છે. દરેક વ્યક્તિ ૧૫ વર્ષ જૂના જંગલ રાજને બદલવા માંગે છે. હવે, ભાજપ-એનડીએએ ફરી એકવાર ભાજપના જંગલ રાજને રોકી દીધું છે. હવે, પશ્ચિમ બંગાળ પણ ટીએમસીના મહા જંગલ રાજને વિદાય આપવા માટે તૈયાર છે. પીએમ મોદીએ કહ્યું કે સિંગુરમાં લોકોનો આ સમુદ્ર, તમારા બધામાં આ ઉત્સાહ અને ઉત્સાહ, પશ્ચિમ બંગાળની એક નવી વાર્તા કહે છે. દરેક વ્યક્તિ એક જ લાગણી સાથે, એક જ આશા સાથે આવ્યો છેઃ ''અમને વાસ્તવિક પરિવર્તન જોઈએ છે.'' દરેક વ્યક્તિ ૧૫ વર્ષ જૂના મહા જંગલ રાજને બદલવા માંગે છે. પીએમ મોદીએ કહ્યું કે અહીંની ટીએમસી સરકાર યોજનાઓ તમારા સુધી પહોંચવા દેતી નથી. હું સમજી શકું છું કે તેમને ભાજપ પ્રત્યે દુશ્મનાવટ છે, પરંતુ ટીએમસી બંગાળના લોકો પર પોતાનો દુશ્મનાવટ કાઢી રહી છે. ટીએમસી અહીંના યુવાનો અને ખેડૂતો પ્રત્યે દુશ્મનાવટ ધરાવે છે.

રવિવારે પીએમ મોદીએ પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લાના સિંગુરમાં ₹૮૩૦ કરોડના પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યો. પીએમ મોદીએ કહ્યું, ''ગઈકાલે હું માલદામાં હતો, અને આજે મને હુગલીમાં આપ સૌની વચ્ચે રહેવાનું સૌભાગ્ય મળ્યું છે. કેન્દ્ર સરકાર વિકસિત ભારત માટે પૂર્વી ભારતના વિકાસ તરફ સતત કામ કરી રહી છે. ગઈકાલ અને આજની ઘટનાઓ આ સંકલ્પને વધુ મજબૂત બનાવશે.'' તેમણે નોંધ્યું કે ગઈકાલે દેશની પ્રથમ વંદે ભારત સ્લીપર ટ્રેન પશ્ચિમ બંગાળથી રવાના થઈ હતી, બંગાળમાં પણ લગભગ અડધો ડઝન નવી અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનો મળી હતી, અને આજે વધુ ત્રણ અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનો શરૂ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે આ ટ્રેનોમાંથી એક તેમના સંસદીય મતવિસ્તાર કાશીનું બંગાળ સાથે જોડાણ મજબૂત કરશે. વધુમાં, દિલ્હી અને તમિલનાડુ માટે અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનો પણ શરૂ કરવામાં આવી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સિંગુરમાં તેમની રેલીથી બંગાળમાં પરિવર્તનની હાકલ કરી. સિંગુરમાં જાહેર સભાને સંબોધતા તેમણે કહ્યું કે ભાજપ-એનડીએએ ફરી એકવાર ભાજપના જંગલ રાજને રોકી દીધું છે. હવે પશ્ચિમ બંગાળ પણ ટીએમસીના મહાન જંગલ રાજને વિદાય આપવા માટે તૈયાર છે.

## શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## મહા નવરાત્રીએ કંઈ દસ મહાવિદ્યાની સાધના કરવામાં આવે છે?



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજથી મહા નવરાત્રી શરૂ થઈ રહી છે, તો સૌ પ્રથમ માઘ નવરાત્રી ને ગુપ્ત નવરાત્રિ શું કામ કહેવામાં આવે છે? એ જોઈએ. શક્તિનાં બે ક્રમ બતાવ્યા છે. (૧) દુર્ગા ક્રમ કે જેમાં આપણે માતા પાર્વતીનાં નવદુર્ગા નાં નવ સ્વરૂપની ઉપાસના કરીએ છીએ, અથવા તો એને ત્રણ મુખ્ય દેવી તરીકે સ્વીકારીને મહાસરસ્વતી, મહાલક્ષ્મી, અને મહાકાલી, તરીકે પૂજીએ છીએ. જ્યારે (૨) બીજાં ક્રમમાં દસ મહાવિદ્યા માં દસ દેવીની ઉપાસના છે, જે કેવળ ને કેવળ તંત્ર માર્ગની ઉપાસના પદ્ધતિ બતાવી છે, અને જે માત્ર ગુરુ દ્વારા દિક્ષા ગ્રહણ કરી ગુરુ એ આપેલ મંત્રની સાધના કરવામાં આવે છે. જેને વિષે કોઈને કહેવાનું હોતું નથી, નહીં તો એ સાધના ફોક સાબિત થાય છે. માટે માઘ નવરાત્રી ને ગુપ્ત નવરાત્રિ કહેવામાં આવે છે. તંત્ર માર્ગ શિવ દ્વારા સ્થાપિત થયેલ છે, અને એની માટે એક પૌરાણિક કથા પણ જોડાયેલી છે.

જ્યારે સતી એ જાણ્યું કે પોતાના પિતા દક્ષ પ્રજાપતિ ખૂબ મોટો યજ્ઞ કરી રહ્યા છે, પણ ભગવાન શંકર એ કહ્યુ કે દેવી આપણને એ યજ્ઞમાં આવવાનું આમંત્રણ નથી, માટે હું ત્યાં જવાની અનુમતિ આપતો નથી, અને સતી એ વાત પર અત્યંત ક્રોધિત થઈ ગયાં, અને ભગવાન શંકર એમનો ક્રોધ જોઈ અદ્રશ્ય થઈ ગયાં, ત્યારે સતી દસ મહાવિદ્યા સ્વરૂપે દસે દિશામાં વ્યાપ્ત થયાં, અને દેવીનાં આ ક્રોધ ના શમન માટે શિવ એ તંત્ર માર્ગની સ્થાપના કરી. ભગવાન વિષ્ણુ ના હજાર નામ બરોબર એક શિવ નામ છે, અને શિવના હજાર નામ બરોબર શક્તિ નું એક નામ છે! એટલી પ્રંચડ અને પ્રબળ શક્તિ ધરાવે છે દેવી. કહેવાય છે કે જ્યારે આ સૃષ્ટિની રચના નહોતી થઈ, ત્યારે માત્ર ને માત્ર મા કાલીનું સામ્રાજ્ય હતું. સૌ પ્રથમ બ્રહ્મા એ દસ મહાવિદ્યા માંની માતા બગલામુખીની ઉપાસના કરી, અને સૃષ્ટિની રચના કરી. એમાં સરસ્વતીનો પ્રાદુર્ભાવ અને એની પર મોહિત થયાની કથા પણ છે. જેમાં પાછળથી મનુ શતરુપા દ્વારા એક પછી એક એમ સૃષ્ટિ સર્જન થયું. તો માઘ નવરાત્રીએ આ દસ મહાવિદ્યાની ઉપાસના કરવામાં આવતી હોવાથી એને ગુપ્ત નવરાત્રિ કહેવામાં આવે છે. સતીનાં એ દસ સ્વરૂપોને દસ મહાવિદ્યા કહેવામાં આવે છે, પાછળથી એ સ્વરૂપો એ જ રાક્ષસોનો સંહાર કરીને સૌ દેવી દેવતા તથા ઋષિ મુનિઓને ચિંતા મુક્ત કર્યા હતા. દસ મહાવિદ્યા પણ આખરે તો આદ્યશક્તિના એ સ્વરૂપો છે, કે જેમને પૂર્ણપણે સિદ્ધ કર્યા બાદ સાધકને કોઈ કામના જ નથી રહેતી. વાસ્તવમાં તો મહાવિદ્યાની સાધનાનું અંતિમ લક્ષ્ય એ જ છે કે, સાધકનું આદિશક્તિ સાથે તાદાત્મ્ય થાય, તો એક નજર એ દસ મહાવિદ્યા પર પણ કરી લઈએ.

(૧) માતા કાલી

દસ મહાવિદ્યાઓમાં માતા કાલીનું સ્થાન પ્રથમ છે. કહે છે કે સૃષ્ટિના ઉદ્ભવ પહેલાં માત્ર 'કાલી'નું જ સામ્રાજ્ય હતું. મહાકાળી જ સમસ્ત વિદ્યાઓની 'આદિવિદ્યા' છે. અને કાલીના જ સૌમ્ય તેમજ ઉગ્ર સ્વરૂપોમાં બાકીની મહાવિદ્યાઓ સમાવિષ્ટ છે. માતા કાલીની સાધના કરતા જ સાધકનો અહંકાર ઓગળી જાય છે. સિદ્ધિપ્રાપ્તિ માટે આ ખૂબ જ જરૂરી છે.

(૨) દેવી તારા

દેવી તારા મૂળે તો 'પ્રલય'ની દેવી છે. જે પ્રલયકાળમાં ઝેરી વાયુથી વિશ્વનો સંહાર કરે છે. પરંતુ, જો તે રીઝી જાય તો જીવનની તમામ વિપત્તીઓનું શમન કરી દે છે. વિપદહારિણી તારા જ્ઞાન તેમજ સુખ-સંપત્તિની પ્રાપ્તિ કરાવે છે.

(૩) દેવી છિન્નમસ્તા

પોતાની સહચરીઓની તૃષાને શાંત કરવા દેવીએ ખડગથી સ્વયંનું જ મસ્તક વાઢીને હાથમાં લીધું. અને તેમના ગરદનમાંથી નીકળેલી રક્ત ધારાનું સખીઓને પાન કરાવ્યું. મસ્તક કપાયેલું હોઈ દેવી છિન્નમસ્તાના નામે પ્રસિદ્ધ થયા. મૂળે તો દેવી છિન્નમસ્તા સંહારની દેવી છે. પણ, જો તે પ્રસન્ન થાય તો દરિદ્રતાનો નાશ કરી દે છે. એટલું જ નહીં, સંતાનની પ્રાપ્તિ પણ કરાવે છે.

(૪)માતા ષોડશી

માતાનું આ રૂપ સૌથી સૌમ્ય, સૌથી દિવ્ય અને સૌથી ભવ્ય મનાય છે. તે સાધકને ભોગ અને મોક્ષ બંન્નેની પ્રાપ્તિ કરાવે છે.

(૫) માતા ભુવનેશ્વરી

કહે છે કે ૮૪ લાખ યોનીમાં જેટલી પ્રજા છે તે સર્વેનું ભરણ-પોષણ દેવી ભુવનેશ્વરી જ કરે છે. સંસારની તમામ મહાવિદ્યાઓ અને સાત કરોડ મહામંત્ર ભુવનેશ્વરીની જ સેવામાં સંલગ્ન રહે છે. આ વિદ્યાની આરાધનાથી ધન, સંતાન, જ્ઞાન અને શક્તિની પ્રાપ્તિ થાય છે.

(૬)માતા ત્રિપુર ભૈરવી

વાસ્તવમાં ભૈરવી જ મહાશિવની મહાશક્તિ છે. દેવી ભુવનેશ્વરી જે ત્રણ ભુવનની રક્ષા કરે છે તેનો જ ત્રિપુર ભૈરવી સમય આવ્યે નાશ કરે છે. સાધક જો તેને સિદ્ધ કરી લે તો ત્રિપુર ભૈરવી શત્રુઓનો પણ નાશ કરી દે છે.

(૭)દેવી ધૂમાવતી

દેવી 'ધૂમાવતી'ને ભક્તો ધૂમાવતી પણ કહે છે. જો કે તંત્રસાધનામાં તેમનો ધૂમ્રાવતી તેમજ ધૃમાવતીના નામે ઉલ્લેખ છે. કારણ કે તેમના દેહમાંથી ધૂમ્રસેર નીકળતી જ રહે છે. દેવી ધૂમ્રાવતી કોઈના પણ સ્વામિત્વને સ્વીકારતા નથી. અને એટલે જ જે એકવાર તેમને પ્રસન્ન કરી લે છે તે જીવનની દરેક કામનાને સિદ્ધ કરી લે છે.

(૮)માતા બગલામુખી

ભોગ અને મોક્ષ બંન્ને માટે બગલામુખીની આરાધના થાય છે. પૂર્વે દેવી બલ્ગામુખીના નામે પ્રસિદ્ધ હતાં. પરંતુ, અપભ્રંશ થઈ આજે બગલામુખી નામ પડ્યું છે. સંસારમાં સર્વપ્રથમ બ્રહ્માજીએ બગલામુખીની ઉપાસના કરી તેમની કૃપાને પ્રાપ્ત કરી હતી. મા બગલામુખીની સાધના સર્વ કાર્યમાં સફળતાની પ્રાપ્તિ કરાવે છે.

(૯) માતા માતંગી

માતા માતંગી એ વિદ્યાની દેવી છે,અને મહાસરસ્વતી સ્વરૂપે પણ પૂજાય છે. કહે છે કે તે તો 'જડબુદ્ધિ'ને પણ વિદ્વાન બનાવી દે છે. માન્યતા અનુસાર જે સાધક એકવાર માતંગી વિદ્યાને સિદ્ધ કરી લે છે તેને વાદ-વિવાદમાં કોઈ જ હરાવી શકતું નથી.

(૧૦) માતા કમલા

દેવી કમલાનું સ્વરૂપ એ વૈભવની પ્રાપ્તિ કરાવનારું મનાય છે. તંત્રશાસ્ત્ર અનુસાર દેવી કમલાની સાધનાથી ધનની, ધાન્યની અને કીર્તિની પ્રાપ્તિ થાય છે.

આપણે રહ્યાં સંસારી એટલે આપણે ગુપ્ત સાધનાને નામે કંઈ જ કરી શકીએ નહીં! પણ આ સંસારનું પ્રતયેક બાળક સૌ પ્રથમ મા જગદંબાનું બાળક છે, અને માટે એણે તેને ચરણે જવા આવાં કોઈ વિશિષ્ટ મંત્રની જરૂર નથી, તે પોતાની કાલીઘેલી ભાષામાં જે કંઈ કહે એ મંત્ર જ છે, અને મા તેને જરૂરથી સાંભળે જ છે, એટલે આપણે આ તંત્ર મંત્રનાં અટપટા જ્ઞાનમાં ગયા વગર, સીધીસાદી રીતે જે કંઈ સ્તોત્ર આવડે એ ગાઈ કે બોલીને એને આરાધીએ તો પણ એ પ્રસન્ન જ થશે. વિદ્યા એટલે જ્ઞાન અને એટલે જ મહા મહિનામાં સરસ્વતીની આરાધનાનું મહત્વ છે, અને વસંત પંચમીએ સરસ્વતીનો પ્રાદુર્ભાવ થયો હોય એની વિશિષ્ટ પૂજાનું મહત્વ પણ છે. મંત્ર હોય કે તંત્ર! મૂળ વાત આંતર શુદ્ધિની છે, મનખો પવિત્ર હોવો જરૂરી છે. એટલે આપણે સૌ અંતરમાં વસતાં ગુપ્ત ભાવને શુદ્ધ અને પવિત્ર રાખી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

કેપિટલ પનિશમેન્ટ, ડેથ સેન્ટન્સ, ડેથ પેનલ્ટી, મૃત્યુદંડ, સજા-એ-મોત અને ફાંસી અર્થાત મોતની સજા

# ભારતમાં કોને આપવામાં આવે મોતની સજા? જાણો ફાંસીના નિયમો

## ફાંસીનું દોરડું કેવું હોય? કેમ બનાવાય? ફાંસી વખતે કોણ હાજર હોય? ફાંસીનો યોગ્ય સમય કયો? ફાંસી વિશે અતથી ઈતિ સુધીની રસપ્રદ માહિતી

રાજકોટ, તા.૧૮

કેપિટલ પનિશમેન્ટ. ડેથ સેન્ટન્સ, મૃત્યુદંડ. સજા-એ-મોત અને ફાંસીની સજા. આ દરેકનો મતલબ છે મોતની સજા. વિશ્વના લગભગ એક ચતુર્થાંશ દેશોમાં મૃત્યુદંડની સજા કરવામાં આવે છે. ભારત તે એક ચતુર્થાંશ દેશોમાંનો એક છે. ભારતમાં મૃત્યુદંડ આપવાની બે રીત છે. સામાન્ય નાગરિકોને ફાંસી પર લટકાવીને મૃત્યુદંડ અપાઈ છે. સેનામાં ફાંસીની સાથે ગોળી મારીને પણ મૃત્યુદંડ આપવામાં આવે છે.૧૯૭૩ની ક્રિમિનલ પ્રોસિજર કોડમાં ફાંસી માટે પ્રમાણભૂત શબ્દ છે, 'HANGED BY THE NECK TILL DEATH' એટલે કે મૃત્યુ સુધી ગળામાં ફાંસી. ૧૯૮૩માં સર્વોચ્ચ અદાલત- સુપ્રિમ કોર્ટે નિર્દેશ આપ્યો હતો કે મૃત્યુદંડ માત્ર દુર્લભ કિસ્સાઓમાં જ આપવામાં આવશે.

અર્થાત ફકત તે કિસ્સાઓમાં જે અત્યંત ઘૃણાસ્પદ છે. જે ગુનાઓ એટલા ક્રૂર છે જેના માટે કોર્ટને લાગે છે કે ફાંસીથી નીચેની કોઈપણ સજા ઓછી થશે. ઉદાહરણ તરીકે ૨૦૧૨નો નિર્ભયા ગેંગ રેપ અને મર્ડર કેસ. સુરતની સેશન્સ કોર્ટે અઢી વર્ષની બાળકી સાથે દુષ્કર્મ કરી હત્યા કરવાના કેસમાં દોષિત ઠરાવાયેલા ગુડ્ડુ યાદવને સેશન્સ કોર્ટે ફાંસીની સજા ફટકારી હતી. જો કે લોકોને ફાંસી કેમ અને કેવી રીતે આપવામાં આવે છે, તે અંગે ઉદ્ભવતા પ્રશ્નો અને પ્રક્રિયા જાણવા જેવી છે.

જ્યારે મૃત્યુદંડની સજા નક્કી કરવામાં આવે છે, ત્યારે ડેથ વોરંટની રાહ જોવામાં આવે છે. દયાની અરજી ફગાવી દેવાયા બાદ આ ડેથ વોરંટ ગમે ત્યારે આવી શકે છે. તેમાં એક અઠવાડિયું, એક મહિનો, કેટલાંક મહિનાઓ અને વર્ષો પણ લાગી શકે છે. ફાંસીની તારીખ અને સમય તે ડેથ વોરંટમાં લખાયેલું હોય છે. મૃત્યુદંડની સજા પામેલા કેદી સાથેની આગળની કાર્યવાહી જેલ મેન્યુઅલ મુજબ છે. દરેક રાજ્યની પોતાની જેલ મેન્યુઅલ હોય છે. આ જેલ મેન્યુઅલમાં તમામ વિગતો લખેલી છે. ચાલો તો તમને કેટલીક સામાન્ય બાબતો જણાવ્યે

ડેથ વોરંટ નીકળ્યા પછી, કેદીને કહેવામાં આવે છે કે તેને ક્યારે ફાંસી થવાની છે. કેદીનું ડેથ વોરંટ નીકળ્યા બાદ જેલ સુપ્રિટેન્ડેન્ટે તેના વિશે પ્રશાસનને જાણ કરવાની હોય છે. જો કેદી એવી જેલમાં બંધ હોય કે જ્યાં મૃત્યુદંડની કોઈ વ્યવસ્થા ન હોય તો ડેથ વોરંટ બાદ તેને બીજી જેલમાં ખસેડવામાં આવે છે. નવી જેલમાં આવતાની સાથે જ કેદીની સંપૂર્ણ તપાસ કરવામાં આવે છે. તેને બાકીના કેદીઓથી અલગ સેલમાં રાખવામાં આવે છે. ફાંસીની સજા પામેલા કેદીનો સેલ ચોવીસ કલાક ગાર્ડની દેખરેખ હેઠળ રહે છે. આવા કેદીની દિવસમાં બે વખત તપાસણી કરવામાં આવે છે. અધિક્ષક, નાયબ અધિક્ષક અથવા તબીબી અધિકારી કેદીના ખાણી-પીણીનું ધ્યાન રાખે છે. કેદી કોઈપણ રીતે આત્મહત્યા ન કરે તે માટે ખૂબ કાળજી રાખવામાં આવે છે. સામાન્ય સંજોગોમાં કેદીના પરિવારને ફાંસીની સજાના ૧૦-૧૫ દિવસ પહેલાં જાણ કરવામાં આવે છે. જેથી પરિવારના સભ્યો છેલ્લી વાર મળી શકે.

### ફાંસી વખતે કોણ કોણ હાજર હોય, કોણ આપે ફાંસી?

ફાંસીનો સમય મહિના પ્રમાણે બદલાય છે. સવારે ૬,૭ કે ૮ વાગ્યે ફાંસી અપાય છે. પરંતુ આ સમય હંમેશા સવારનો હોય છે. તેની પાછળનું કારણ એ છે કે બાકીના કેદીઓ સવારે સૂઈ જાય છે. અને જે કેદીને ફાંસી આપવાની હોય તેને આખો દિવસ મોતની રાહ જોવી પડતી નથી. ફાંસીની થોડી મિનિટો પહેલાં, સુપરિન્ટેન્ડન્ટ જાય છે અને કેદીને ફાંસીની જગ્યાએ લાવે છે. તેની સાથે બીજા કેટલાક ગાર્ડ પણ હાજર હોય છે. ફાંસી આપતી વખતે જલ્લાદ સિવાય ત્રણ અધિકારીઓ – જેલ સુપ્રિટેન્ડેન્ટ, મેડિકલ ઓફિસર અને મેજિસ્ટ્રેટ હોવા જરૂરી છે. અધિક્ષક ફાંસી આપતા પહેલા મેજિસ્ટ્રેટને કહે છે કે મેં કેદીની ઓળખ કરી છે અને તેનું ડેથ વોરંટ વાંચ્યું છે. ડેથ વોરંટ પર કેદીની સહી જરૂરી છે. હવે આગળનું કાર્ય જલ્લાદનું છે. જલ્લાદ કેદીના મોં પર કાળા કપડાથી ઢાંકવામાં આવે છે, અને તેના ગળામાં ફાંસો મૂકે છે. અને પછી લિવર ખેંચે છે. દુનિયાભરમાં લટકાવવાના ચાર રસ્તા છે. ભારતમાં લોંગ ડ્રોપ પદ્ધતિથી ફાંસી આપવામાં આવે છે. લાંબા ડ્રોપમાં, દોરડાની લંબાઈ કેદીના વજન અનુસાર નક્કી કરવામાં આવે છે. આ એટલા માટે કરવામાં આવે છે કે આંચકાને કારણે ગરદન અને રીડનું હાડકું તૂટી શકે છે. એવું માનવામાં આવે છે કે ફાંસીમાં લાંબા ડ્રોપની પદ્ધતિ ઓછામાં ઓછી ક્રૂર છે.લીવર ખેંચ્યાના લગભગ અડધા કલાક પછી, શરીરને ફાંસીમાંથી નીચે લાવવામાં આવે છે. પરંતુ જ્યારે તબીબી અધિકારી તેના મૃત્યુની પુષ્ટિ કરે છે. ત્યારે જ તેને નીચે લાવવામાં આવે છે. મૃત્યુની પુષ્ટિ કર્યા પછી, મેજિસ્ટ્રેટ, મેડિકલ ઓફિસર અને સુપરિન્ટેન્ડેન્ટ ત્રણેય ડેથ વોરંટ પર સહી કરે છે. આ પછી, તેઓએ ફરીથી કોર્ટમાં ડેથ વોરંટ જમા કરાવે છે. ફાંસી આપ્યા બાદ મૃતદેહ પરિવારને સોંપવામાં આવે છે. જે કેદીઓના પરિવારજનો નથી તેમના મૃત્યુ પહેલા તેમને પૂછવામાં આવે છે કે અંતિમ સંસ્કાર કેવી રીતે કરવા. ભારતમાં છેલ્લી ફાંસી ૨૦ માર્ચ ૨૦૨૦ ના રોજ નિર્ભયાના ચાર દોષિતો– અક્ષય, વિનય, પવન અને મુકેશને આપવામાં આવી હતી. સવારે સાડા પાંચ વાગ્યે તેને સજા કરવામાં આવી હતી. અગાઉ વર્ષ ૨૦૧૫માં યાકુબ મેમણને ૧૯૯૩ના મુંબઈ બોમ્બ વિસ્ફોટ કેસમાં ફાંસી અપાઈ હતી. તે પહેલા અફઝલ ગુરુને ૨૦૧૩માં અને અજમલ કસાબને ૨૦૧૨માં ફાંસી આપવામાં આવી હતી

### ફાંસીનો દોરડો : કાયદો, વિજ્ઞાન અને માનવતાનો સંયોજન

ફાંસી માટે મનિલા દોરડાનો ઉપયોગ થાય છે. આ દોરડાની તમામ વિગતો જેલ મેન્યુઅલમાં લખેલી હોય છે. ફાંસી આપવાના એક અઠવાડિયા પહેલાં આ દોરડાને સુપરિન્ટેન્ડેન્ટની હાજરીમાં ચેક કરવામાં આવે છે. તપાસ કર્યા પછી, દોરડાને સુરક્ષિત લોકઅપમાં રાખવામાં આવે છે. જે જેલમાં જ્યાં ફાંસી આપવામાં આવે છે. ત્યાં ઓછામાં ઓછા બે દોરડા રાખવામાં આવે છે રાજકોટ જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં કોર્ટ દ્વારા દુષ્કર્મના આરોપીને ફાંસીની સજા સંભળાવાતા એક પ્રશ્ન ફરી ચર્ચામાં આવ્યો છે– કોર્ટ દ્વારા આપવામાં આવતી ફાંસીમાં વપરાતું દોરડું કેવું હોય છે? શું તે સામાન્ય દોરડું હોય છે? ત્યારે આવા પ્રશ્નના ભીતરમાં જવાતા ફાંસીના દોરડાનો પણ એક કાયદો જાણવા મળ્યો છે તે વાચકો માટે પ્રસ્તુત છે. હકીકતમાં ફાંસી માટે વપરાતું દોરડું સામાન્ય દોરડું નથી, પરંતુ તે વિશેષ રીતે પસંદ કરેલું, કુદરતી ફાઈબરથી બનેલું અને કાયદાકીય માપદંડોને અનુરૂપ હોય છે. ભારતમાં પરંપરાગત રીતે ફાંસી માટે મનીલા હેમ્પ (ખફક્ષશહફ ઈંયળા) અથવા સિસલ (જ્ઞાતફહ)માંથી બનેલું દોરડું વપરાય છે.આ દોરડાં કુદરતી તંતુઓમાંથી બનેલા હોય છે ખૂબ મજબૂત અને વિશ્વસનીય હોય છે. અચાનક તૂટી જવાની શક્યતા અત્યંત ઓછી હોય છે. નાયલોન કે પ્લાસ્ટિકના દોરડાં ન વપરાય, કારણ કે તે વધારે લવચીક હોવાથી શરીરને ગંભીર નુકસાન પહોંચાડી શકે છે.ફાંસી માટે વપરાતું દોરડું સામાન્ય રીતે ઠ ઈંચથી એક ઈંચ જેટલી જાડાઈ ધરાવે છે. આટલી જાડાઈ એટલા માટે રાખવામાં આવે છે કે દોરડું તૂટી ન જાય, ગળા પર અયોગ્ય કાપ કે ચીર ન પડે અને તમામ પ્રક્રિયા નિયંત્રિત અને નિશ્ચિત રહે તેવું માનવામાં આવે છે. એટલું જ નહિ દોરડું સામાન્ય રીતે ૨૫૦–૩૦૦ કિલોગ્રામથી વધુ વજન સહન કરી શકે તેવું હોય છે. ફાંસી માટે બનાવાતી દોરડામાં બનાવાતી ગાંઠને રનિંગ નૂઝ (તહશા સક્ષજ્ઞ઼િ) કહેવામાં આવે છે. આ ગાંઠમાં સામાન્ય રીતે ૭થી ૧૩ વળાંક હોય છે. ખાસ કરીને ગાંઠ એવી રીતે રાખવામાં આવે છે કે ગરદનના મહત્વના ભાગ પર દબાણ પડે અને બેહોશી ઝડપથી આવે. આ વ્યવસ્થા પાછળનો હેતુ અનાવશ્યક પીડા ટાળવાનો હોય હોવાનું માનવું છે.

### ફાંસીમાં વપરાતા દોરડાનો ક્યારે કરાય ઉપયોગ?

સામાન્ય રીતે સર્વસામાન્ય માન્યતા હોય છે કે નિયત સ્થળે ફાંસી માટે અગાઉથી જ દોરડું/ ગાળિયો તૈયાર હોય છે અને પછી નિયત સમયે સંબંધિત કેદીને ફાંસી આપવામાં આવે છે. પણ ના, એવું નથી. ફાંસીમાં દોરડું વાપરતાં પહેલાં શું કરવામાં આવે ? તેવા પ્રશ્ન ઉત્તરમાં પણ ચોક્કસ નીતિ–નિયમોનું પાલન કરવામાં આવે છે. તે જોઈએ તો ફાંસી માટે પસંદ કરેલું દોરડું થોડા દિવસો સુધી પાણીમાં ભીંજવવામાં, પલાળી રાખવામાં આવે છે. પછી યોગ્ય રીતે સુકવવામાં આવે છે. આ પ્રક્રિયાથી દોરડું વધારે લવચીક બને છે અને ગાંઠ સરકવામાં સરળતા રહે છે. સાથે સાથે સજા પામનાર કેદીને અચાનક ઝટકો ન પડે તેવો કાયદાકીય અને માનવતાનો અભિગમ દાખવવાનો કાયદો છે. ભારતમાં ફાંસીની સજા ઈશિળશક્ષફહ ડજ્ઞિભયમીચિ ઈજ્ઞમય (ઈમ્ઙ્ઈ) મુજબ અમલમાં આવે છે. ફાંસી સમયે જેલ અધિકારીઓ, તબીબી અધિકારી અધિકૃત સાક્ષીઓ, હાજર રહે છે અને અંતે ડોક્ટર દ્વારા મૃત્યુની પુષ્ટિ કરવામાં આવે છે. આવા તમામ માપદંડો પાછળનો ઉદ્દેશ કાયદાનું પાલન, પ્રક્રિયામાં પારદર્શિતા અને માનવતા જાળવવાનો મનાય છે. અત્રે એ નોંધનીય છે કે ફાંસીનું દોરડું એ માત્ર સજા માટેનું સાધન નથી, પરંતુ કાયદા, વિજ્ઞાન અને માનવતાના ચોક્કસ નિયમોથી ઘડાયેલો એક નિયંત્રિત ઉપકરણ હોવાનું મનાયછે.

### ક્યા અપરાધના ગુનેગારોને અપાઈ શકે સજા એ મોત ?

સામાન્ય રીતે કેવા ગુનેગારોને– આરોપીઓને કોર્ટ ફાંસીની સજા સાંભળાવતી હોય છે ? તે અંગે મળતી વિગતો એવી છે કે, સામાન્ય રીતે ફાંસીની સજા કોર્ટ (કેપિટલ પનીશમેન્ટ – ડેથ પેનલ્ટી ) ખૂબ સંકુચિત, ગંભીર અને વિશેષ પ્રકારના ગુનાઓ માટે જ આપે છે .તે દર્શાવે છે કે કાયદો માત્ર ગંભીરતાથી વધુ રેરેસ્ટ ઓફ રેર (સૌથી દુર્લભ અને ભારે ગુનાઓ)નું જ અનુમોદન કરે છે. ભારતીય ન્યાયવ્યવસ્થામાં ફાંસી માત્ર સૌથી વધુ ભયંકર, ક્રૂર અને સમાજની સમગ્ર ચૈતીના ઉલ્લંઘન કરતા ગુનાઓ માટે જ અપાય છે. અર્થાત, કોર્ટ ફાંસી બનાવવા માટે માત્ર મોટો ગુનો જ પૂરતું નથી પરતું ગોનો તે બહુ જ વિશેષન/ અસામાન્ય રીતે ભયંકર હોવો જોઈએ. જાણકારો અને કાયદાના મતે સામાન્ય રીતે ગર્ભપાત અથવા હત્યા સાથેનો બાળ નિયત જાતિના ગુનો, બળજબરી પ્રયોગ અને મર્ડર સાથેનો ધર્ષણ, ટેરર–અટેક / બ્લાસ્ટ જેવી પ્લાનિંગ અને માનવ હિંસાપૂર્ણ ઘટનાઓ, અન્ય ગંભીર ગુનાઓ જેમ કે દેશ વિરૂદ્ધ સજાયેલી હરકતો. આ પ્રકારની દોષસજા જાહેર કરતી વખતે કોર્ટ આઈપીસી પોક્સો અને અન્ય તપાસી કાયદાકીય કલમો સાથે નિર્ણય કરે છે. ખાસ કરીને ગુજરાત અને સમગ્ર ભારતમાં કોર્ટોમાં ફાંસીની સજા મુખ્યત્વે એવા ગુનાઓમાં મળી છે કે જે ક્રૂર અને અત્યંત ભયંકર ગુનાઓ, બાળકી/બાળક સાથે બળદોષ અને હત્યા, બાળક–વયની મહિલાઓ સાથે બહુમૂલ્ય હિંસા, બ્લાસ્ટ અને મોટું માનવજાતીય નુકસાન પોક્સો અધિનિયમ હેઠળ અત્યંત ક્રૂર સેકસ્યુઅલ ગુનાના સમાવેશ થાય છે. આ બધા કિસ્સાઓને ફિચિતિ઼્ઝર ફિચિ તરીકે કોર્ટ ગણતી હોવાને કારણે જ ફાંસી વિશે વિચાર થાય છે. સામાન્ય હત્યાઓ અથવા સામાન્ય દોષિત ગુનાઓ માટે ફાંસીની સજા અપાતી નથી.

### ટ્રાયલ કોર્ટ દ્વારા અપાયેલા જુદા જુદા ફાંસીના ચુકાદા

રાજકોટ શહેર અને જિલ્લામાં અત્યાર સુધીમાં પાંચ ગુનેગારોને ફાંસી આપવામાં આવી છે. જેમાં ડાકુ બચુભા, ચૂનીલાલ જાદવજી, બટુક રાઘવ, કે.જે.સોની અને શશિકાંત માળીને ફાંસી અપાઈ છે. ડાકુ બચુભા સૌરાષ્ટ્રનાં એક કુખ્યાત ડાકુનો જમણો હાથ હતો. ચૂનીલાલે એક મહિલાની હત્યા કરી હતી. બટુક રાઘવે પોતાની પ્રેમિકાની ધોળા દિવસે હત્યા કરી હતી. તેમાં ૨–૬–૧૯૬૫નાં રોજ કે.જે. સોની, ૩૧–૩–૧૯૬૫નાં રોજ બટુક રાઘવભાઈ રાજપુત અને ૧૧–૧૧–૧૯૬૩નાં રોજ ચુનિલાલ માધવજીભાઈ જાદવને ફાંસી આપવામાં આવી હતી. શહેરના હાથીખાના વિસ્તારમાં રહેતા બટુક નામના શખ્સે ૧૯૬૬માં રાજશ્રી સિનેમા નજીક કરેલી હત્યાના ગુનામાં તેમજ વર્ષ ૧૯૭૯માં રાજકોટમાં મજદૂર સંઘના અગ્રણી હસુભાઈ દવેના પરિવારના ત્રણ સભ્યોની ઘાતકી હત્યા કરનાર શશીકાંત માળીને ૧૯૭૯માં ફાંસીની સજા અપાઈ હતી. આ ઉપરાંત રાજકોટ જિલ્લાની અદાલતો દ્વાર ત્રણ વર્ષની માસુમ બાળકી પર રેપ કરી અને મોતને ઘાટ ઉતારનાર રમેશ ડેડુકીયાને તા. ૧૫/૩/૨૦૨૦ના રોજ, જ્યારે જેતપુર તાલુકાના જેતલસર ગામે એકતરફી પ્રેમમાં પાગલ જયેશ ગિરધર સરવૈયા નામના શખ્સને સૃષ્ટિ કિશોરભાઈ રૈયાણી નામની યુવતીની સરાજાહેર હત્યા કરી નાખવાના ગુનામાં ૧૩/૩/૨૩ના રોજ અદાલતે ફાંસીની સજાના હુકમો કર્યા છે. જે કેસો અપીલમાં પેન્ડિંગ હોવાનું જાણવા મળે છે. જ્યારે રાજકોટ સહિત સૌરાષ્ટ્ર ભરમાં ચકચાર મચાવનાર જસદણ તાલુકાના કાનપર ગામની સીમમાં સાત વર્ષની માસુમ બાળકી પર દુષ્કર્મના કેસમાં અદાલતે બનાવના ૪૩મા દિવસે નરાધમને ફાંસીની સજાનો હુકમ કર્યો છે. એ સિવાય બહુ ચર્ચિત કેસોમાં અપાયેલા ફાંસીના ચુકાદાઓ જોઈએ તો આણંદ જીલ્લાના એક ગામમાં એક પુરુષને ખૂબ જ ક્રૂર રીતે ૭ વર્ષના બાળકીનું ધર્ષણ અને હત્યા કરવા બદલ ડબલ ડેથ સેન્ટન્સ મળ્યો હતો.કોર્ટે આ ગુનાને ફિચિતિ઼્ઝર ફિચિ માન્યો અને માનવ હિતને ધ્યાનમાં રાખીને સજા સંભળાવી હતી. વલસાડ જીલ્લામાં ૬ વર્ષની બાળકી સાથે જાતિ કૃત્ય અને હત્યા કરનારને ફાંસીની સજા આપવામાં આવી હતી. વડોદરા ઉત્તર વિસ્તારમાં એક ૮વર્ષના બાળક સાથે થયેલા માનવહિત વિરુદ્ધ ગુનાના મામલામાં પણ ફાંસીની સજા આપવામાં આવી હતી. વર્ષ ૨૦૦૮નાં અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ જેવા મેસિવ ટેરર–ગુનાઓમાં પણ ઘણા આરોપીઓને પૃષ્ઠિભૂત રીતે ફાંસીની સજા મળેલી છે – ખાસ કરીને પૂર્વ કોર્ટ દ્વારા. આજ સુધીમાં આ પ્રકારનાં ગુનાઓ માટે ઘણાં લોકો ડેથ રો પર છે. અત્રે એ નોંધનીય છે કે અનેક કેસમાં ટાયલ કોર્ટ ફાંસી સજા આપેછે, પરંતુ હાઈકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટ દ્વારા તેની પુષ્ટિ કરવી પડે છે. ઘણીવાર આવી સજા લાંબા અપિલ સ્ટેજ સુધી જાય છે અને કેટલીક સજાઓ કમી થઈને આજીવન કેદમાં બદલી ગઈ હોવાનું કહેવું અનુચિત નથી.

### ફાંસીથી બચવા કઈ અરજી? કોને કરી શકાય?

ધારો કે સેશન્સ કોર્ટ દ્વારા ગુનેગારને મૃત્યુદંડની સજા કરવામાં આવી છે. સૌ પ્રથમ, સેશન્સ કોર્ટે તેના નિર્ણયમાં સમજાવવું પડે કે શા માટે આ કેસ 'રેરેસ્ટ ઓફ ધ રેર' છે. સેશન્સ કોર્ટને હાઈકોર્ટની મંજૂરીની જરૂર છે. હાઈકોર્ટ તપાસે છે કે શું આ ખરેખર 'રેરેસ્ટ ઓફ ધ રેર' કેસ છે? સેશન્સ કોર્ટના નિર્ણય બાદ દોષિત પાસે હાઈકોર્ટમાં અપીલ કરવાનો વિકલ્પ છે. હાઈકોર્ટમાં જજ ફરી એકવાર તમામ પુરાવાઓ પર નજર નાખે છે. જો હાઈકોર્ટ ફાંસીની સજા યથાવત રાખે છે તો સુપ્રીમ કોર્ટમાં જવાનો વિકલ્પ છે. જો સુપ્રીમ કોર્ટ પણ મૃત્યુદંડને યથાવત રાખે છે, તો દોષિત પાસે એક છેલ્લી આશા બાકી છે – મર્સિ પીટિશન. મર્સિ પીટિશન એટલે દયાની અરજી. આ દયાની અરજી રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલને મોકલી શકાય છે. તેમને સજા–એ–મોત માફ કરવાનો અધિકાર છે. પરંતુ રાષ્ટ્રપતિ એકલા નિર્ણયો લેતા નથી. તેઓ ગૃહ મંત્રાલયની સલાહ બાદ જ કોઈપણ નિષ્કર્ષ પર પહોંચે છે. રાષ્ટ્રપતિ માટે કોઈ સમય મર્યાદા નથી. તેઓ ગમે તેટલો સમય લઈ શકે છે. અને જ્યાં સુધી રાષ્ટ્રપતિ આ અરજી પર નિર્ણય ના લે ત્યાં સુધી દોષિતોને ફાંસી આપી શકાય નહીં. ક્યારેક એવું બને છે કે રાષ્ટ્રપતિ પાસે દયાની અરજી ઘણા વર્ષો સુધી પડી રહે છે. જો રાષ્ટ્રપતિ પણ ફાંસીની સજા માફ કરવાનો ઇનકાર કરે તો ફાંસી નિશ્ચિત છે.



### આટકોટમાં રૂરલ એલસીબીનો દરોડોઃ બૂટલેગરોના ગજબના કિમીયાનો પર્દાફાશ

# બોલેરોના ચોરખાનામાંથી ઝડપાયો વિદેશી દારૂ

## અલીરાજપુરના ૪ શખ્સોની ધરપકડઃ દારૂ મંગાવનાર, મોકલનારની શોધખોળઃ ૬,૬૧,૪૦૮ નો મુદ્દામાલ કરાયો કબજે









રાજકોટ, તા. ૧૮

રાજકોટ રેન્જના પોલીસ મહાનીરીક્ષક અશોક કુમાર તથા રાજકોટ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા જીલ્લામાં ચાલતી પ્રોહિબિશન અને જુગાર જેવી અસામાજિક પ્રવૃત્તિઓ સદંતર બંધ કરાવવા માટે કડક સૂચનાઓ આપવામાં આવી છે. આ સૂચનાના અમલીકરણના ભાગરૂપે લોકલ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર વી.વી. ઓડેદરા તથા પો.સબ.ઈન્સ. એચ. સી. ગોહીલ અને શ્રી આર.વી. ભીમાણીની રાહબરી હેઠળ એલસીબી સ્ટાફ આટકોટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. આ દરમિયાન મળેલી ચોક્કસ હકીકતને આધારે આટકોટની ગોંડલ ચોકડી પાસે વોચ ગોઠવી મહિન્દ્રા કંપનીની એક બોલેરો કાર નં. ૠઉ૦૩ૠઊિ-૧૬૪૪ને અટકાવવામાં આવી હતી. તપાસ દરમિયાન આ કારમાં ખાસ રીતે તૈયાર કરાયેલા ચોરખાનામાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ કામગીરી દરમિયાન પોલીસે મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના ચાર શખ્સોની ધરપકડ કરી છે, જેમાં જવાનીયા ગામના લાલાભાઈ સુરસિંગ બગેલ અને દીપુ મગનભાઇ અખાડિયા, બડી જવારી ગામના મુકેશ ઉર્ફે મુકામ અંતરભાઈ બામણીયા તેમજ ગિરદા ગામના ઇક્રમ રઘુભાઈ અવાસીયાનો સમાવેશ થાય છે. પોલીસે આ આરોપીઓ પાસેથી ૧૮૦ એમ.એલ. માપની કંપની સીલપેક ઇંગ્લીશ દારૂની કુલ ૪૨૨ બોટલો જેની કિંમત રૂપિયા ૧,૧૧,૪૦૮ થાય છે તે જપ્ત કરી હતી. આ ઉપરાંત રૂપિયા ૫,૦૦,૦૦૦ની કિંમતની બોલેરો કાર, ૪૦,૦૦૦ની કિંમતના ૪ નંગ મોબાઈલ ફોન અને રોકડા રૂપિયા ૧૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૬,૬૧,૪૦૮ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પકડાયેલા તમામ આરોપીઓને આગળની કાયદેસરની કાર્યવાહી માટે આટકોટ પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યા છે.

આ સફળ કામગીરીમાં એલ.સી.બી. ટીમના એ.એસ.આઈ. બાલકુષ્ણભાઇ ત્રિવેદી, ઈન્દ્રસિહ જાડેજા અને જયવિરસિહ રાણા, પો.હેડ કોન્સ. ભગીરથસિહ જાડેજા, ધર્મેશભાઇ બાવળીયા, વાઘાભાઇ આલ અને મનોજભાઇ બાયલ તથા પો.કોન્સ. મહીપાલસિહ ચુડાસમા સહિતના કર્મચારીઓ જોડાયા હતા.

### ટિકિટ રિફંડ બાબતે બોલાચાલી બાદ મહિલા પેસેન્જરે ઝાપટો મારી

# ST બસમાં મહિલા કંડક્ટર પર હુમલો

### ગોંડલ ચોકડી પાસે શિવ હોટલ નજીક બનાવઃ મુસાફર મહિલા, પુરૂષે ફરજમાં રુકાવટ કરી; આજીડેમ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી



રાજકોટ, તા.૧૮

એસટી બસમાં મહિલા કંડકટર સાથે ફરજમાં રૂકાવટ અને મારમારીની ઘટના બની છે.રાજકોટથી પોરબંદર જતી એસ.ટી. બસમાં ગત સાંજે ટિકિટ રિફંડ જેવી નજીવી બાબતે ભારે હોબાળો મચ્યો હતો. ગોંડલ ચોકડી પાસે બસ ઉભી રખાવ્યા બાદ મહિલા પેસેન્જરે મહિલા કંડક્ટર સાથે ઉગ્ર બોલાચાલી કરી ગાલ પર ઝાપટો મારી દેતા મામલો ગરમાયો હતો. આ ઘટના અંગે આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

બનાવની વિગત જોઈએ તોમૂળ પોરબંદરના રાતિયા ગામના વતની અને છેલ્લા છ મહિનાથી પોરબંદર ડેપોમાં કંડક્ટર તરીકે ફરજ બજાવતા હેતલબેન અરજણભાઈ રાઠોડ (ઉ.વ. ૨૬) સત્તરમી તારીખે રાજકોટ-પોરબંદર રૂટની બસ GJ18ZT 0168માં ફરજ પર હતા. સાંજે સાતેક વાગ્યે બસ રાજકોટથી ઉપડી ગોંડલ ચોકડી પહોંચી ત્યારે અન્ય ત્રણ પેસેન્જર સવાર થયા હતા.

બસ શિવ હોટલ પાસે પહોંચતા બસમાં સવાર એક પુરુષ પેસેન્જરે ઇમરજન્સી હોવાનું કહી બસ ઉભી રખાવી હતી. નીચે ઉતરતી વખતે તેમણે મહિલા કંડક્ટર પાસે ટિકિટના રિફંડની માંગણી કરી હતી. કંડક્ટરે નિયમ મુજબ રિફંડ આપવાની ના પાડતા પેસેન્જર ઉશ્કેરાઈ ગયા હતા અને ''બસ તમારા બાપુજીની છે?'' તેમ કહી અણછાજતું વર્તન કર્યું હતું.

વિવાદ વધતા પુરુષ પેસેન્જર સાથે રહેલા મહિલા ભગવતીબેન પણ વચ્ચે પડ્યા હતા અને કંડક્ટર સાથે ઝઘડો કરી તેમને ગાલના ભાગે બે-ત્રણ ઝાપટો મારી દીધી હતી. ડ્રાઈવર રામભાઈએ તાત્કાલિક બસ સાઈડમાં ઉભી રાખી દીધી હતી. દરમિયાન, બસમાં સવાર અન્ય મુસાફરોએ ૧૧૨ નંબર પર ફોન કરતા પોલીસ વેન ઘટનાસ્થળે દોડી આવી હતી.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં હુમલો કરનાર શખ્સોના નામ સાગરદાન પાંચાલિયા અને ભગવતીબેન લીલા (રહે. કૈલાશ પાર્ક, રાજકોટ) હોવાનું સામે આવ્યું છે. મહિલા કંડક્ટરની ફરિયાદના આધારે પોલીસે સરકારી ફરજમાં રુકાવટ અને મારપીટનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જુગારના બે દરોડામાં ૪ મહિલો સહિત ૯ પકડાયા

### ગોકુલધામ પાસે રહેણાંક મકાનમાં અને સિંધી કોલોનીમાં ચાલતા જુગારધામ પર માલવીયા અને પ્ર. નગર પોલીસના દરોડા



રાજકોટ, તા.૧૮

શહેરના પોલીસ કમિશનરની સૂચના હેઠળ જુગારની પ્રવૃત્તિઓ નાબૂદ કરવા માટે હાથ ધરાયેલી ઝુંબેશ અંતર્ગત ગત ૧૭ જાન્યુઆરીના રોજ માલવીયાનગર અને પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન દ્વારા અલગ-અલગ બે સ્થળોએ સફળ દરોડા પાડવામાં આવ્યા હતા. આ કામગીરી દરમિયાન કુલ ૯ શખ્સોને રૂ. ૧૬,૦૦૦થી વધુની રોકડ સાથે ઝડપી લેવામાં આવ્યા છે.

માલવીયાનગર પોલીસ સ્ટેશન દ્વારા કરવામાં આવેલી પ્રથમ કાર્યવાહીમાં, ગોકુલધામ મેઇન રોડ પર આવેલી ત્રીવેણીનગર સોસાયટી શેરી નં-૧ માં રહેતા સંગીતાબેન નીતીનભાઈ સુરેલાના મકાન પર દરોડો પાડવામાં આવ્યો હતો. સંગીતાબેન પોતાના રહેણાંક મકાન પર બહારથી અન્ય સ્ત્રી-પુરુષોને બોલાવી નાલ ઉઘરાવી તીનપત્તીનો હાર-જીતનો જુગાર રમાડતા હોવાની બાતમી મળી હતી. દરોડા દરમિયાન પોલીસે આરોપી સંગીતાબેન ઉપરાંત ઉર્મીલાબેન મકવાણા, કાન્તાબેન રૂપાપરા, રીદ્ધીબેન વાડોદરીયા અને જીતેન્દ્રભાઈ મોરીને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે ઘટનાસ્થળેથી રૂ. ૧૧,૧૨૦/- ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય જપ્ત કરી આગળની તપાસ હાથ ધરી છે.

બીજી તરફ, પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનના સ્ટાફે જામનગર રોડ પર આવેલી સીંધી કોલોની, જુલેલાલનગર મેઇન રોડ પર જાહેરમાં જુગાર રમી રહેલા શખ્સોને પકડી પાડ્યા હતા. પોલીસની ટીમે બાતમીના આધારે જંકશન પોલીસ ચોકી પાસે દરોડો પાડી વિનોદભાઇ તલરેજા, દોલતરામ ભકતાણી, ધર્મેશભાઇ નવલાણી અને કનૈયાલાલ હસવાણી નામના ચાર શખ્સોને ઝડપી લીધા હતા. આ આરોપીઓ જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા હતા, જેમના કબજામાંથી પોલીસે રૂ. ૫,૨૭૦ની રોકડ રકમ કબજે કરી છે. પોલીસે બંને કિસ્સાઓમાં જુગારધારાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### PCBનો રેલનગર પાસે દરોડોઃ ૩.૦૭ લાખનો મુદ્દામાલ જપ્ત

# કારમાં અડધા લાખના દારૂ સાથે શખ્સ ઝડપાયો




રાજકોટ, તા.૧૮

શહેર પી.સી.બી. શાખાના પોલીસ હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ જગતસિંહ રાણા તથા એ.એસ. આઈ. મહીપાલસિંહ દશરથસિંહ અને ઘનશ્યામસિંહ પ્રતાપસિંહ સહિતનો સ્ટાફ ખાનગી વાહનમાં શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. આ દરમિયાન ૧૫૦ ફૂટ રિંગ રોડથી રેલનગર તરફ જતાં સંયુક્ત બાતમી મળી હતી કે રેલનગર, સાધુ વાસવાણી રોડ પર શિવાલય ચોકમાં એક સફેદ રંગની મારુતિ સ્વિફ્ટ ડિઝાયર કાર નંબર જી.જે.૧૩.એ.એમ.૧૩૯૯ ઉભેલી છે, જેમાં વિદેશી દારૂનો જથ્થો ભરેલો છે અને એક શખ્સ તેમાં બેઠો છે.

આ બાતમીના આધારે પોલીસે તુરંત જ બે પંચોને સાથે રાખી સ્થળ પર દરોડો પાડ્યો હતો. કાર્યવાહી દરમિયાન એ.એસ. આઈ. ઘનશ્યામસિંહ ચૌહાણે જરૂરી વીડિયોગ્રાફી શરૂ કરી હતી. સ્થળ પર તપાસ કરતા કારમાં બેઠેલા શખ્સનું નામ પૂછતા તેણે પોતાનું નામ ભરતભાઇ વિનાભાઇ રાઠોડ (રહે. કુંઢડા, તા. ચોટીલા, જી. સુરેન્દ્રનગર) હોવાનું જણાવ્યું હતું. કારની પાછળની ડેકીમાં રાખેલ વિમલના થેલાની તપાસ કરતા તેમાંથી ભારતીય બનાવટના ઇંગ્લીશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસ તપાસમાં કારમાંથી બ્લેક ડોગ સ્કોચની ૭ બોટલ, બ્લેક એન્ડ વ્હાઇટ સ્કોચની ૮ બોટલ, ટીચર હાઇલેન્ડ ક્રિમની ૨ બોટલ અને સિગ્નેચર રેર એજ વ્હીસ્કીની ૧ બોટલ મળી કુલ ૧૮ મોંઘીદાટ બોટલો મળી આવી હતી. જેની કુલ કિંમત રૂ. ૫૭,૨૭૨ થાય છે. આ તમામ બોટલો પર 'ફોર સેલ ઇન દિલ્હી ઓન્લી' લખેલું હતું. પોલીસે ૨.૫૦ લાખની કાર અને દારૂના જથ્થા સહિત કુલ રૂ. ૩,૦૭,૨૭૨નો મુદ્દામાલ કબજે કરી આરોપીની અટકાયત કરી છે.

આ સમગ્ર કામગીરીમાં આરોપી ભરત રાઠોડ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી પી.સી.બી. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વ્યાજખોરોની ચુંગાલમાં ફસાયેલા બે ભાઈ ત્રસ્ત

## ૧૧૫ તોલા સોનું ગીરવે મુક્યું, ૪.૪૪ કરોડની સામે ૪.૭૧ કરોડ વ્યાજ ચૂકવ્યુ તો'ય ઉઘરાણી ચાલુ




રાજકોટ, તા. ૧૮

વ્યાજંકવાદનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. કચ્છના નખત્રાણામાં અનાજ અને ખેત પેદાશના વ્યવસાય સાથે સંકળાયેલા બે વેપારી ભાઈઓ વ્યાજખોરોની ચુંગાલમાં એવી રીતે ફસાયા છે કે ૧૪ વર્ષ પછી પણ તેમની મુસીબતોનો અંત આવ્યો નથી. નખત્રાણાના મણીનગર વિસ્તારમાં રહેતા હિતેશ વિઠ્ઠલદાસ ઠક્કર અને કનૈયાલાલ વિઠ્ઠલદાસ ઠક્કર નામના બે ભાઈઓએ વ્યાજખોરોથી કંટાળીને આખરે નખત્રાણા પોલીસ મથકે ન્યાય માટે ફરિયાદ કરી છે.

વેપારી હિતેશભાઈની રજૂઆત મુજબ, વર્ષ ૨૦૧૨થી ૨૦૨૨ દરમિયાન તેઓએ ધંધાકીય જરૂરિયાત માટે દેશલપર, આમારા, મુરૂ, એયર અને ધામાય જેવા ગામોના કુલ ૧૬ જેટલા વ્યક્તિઓ પાસેથી કુલ ૪,૪૪,૨૫,૦૦૦ (૪.૪૪ કરોડ) રૂપિયા વ્યાજે લીધા હતા. આ રકમની સામે અત્યાર સુધીમાં તેઓએ ૪ કરોડ ૭૧ લાખ ૫૦ હજાર રૂપિયા તો માત્ર વ્યાજ પેટે ચૂકવી દીધા છે. આટલી માતબર રકમ ચૂકવ્યા બાદ પણ હજુ મૂળ રકમ (મૂડી) બાકી હોવાથી વ્યાજખોરો દ્વારા તેમને સતત માનસિક ત્રાસ આપવામાં આવી રહ્યો છે.

વેપારીએ આક્ષેપ કર્યો છે કે ગત વર્ષે તેઓએ નખત્રાણાના જ એક સોની પાસે ૭૫ લાખ રૂપિયાની જરૂરિયાત માટે પોતાના વડીલોનું અને પુત્રવધૂઓનું આશરે ૧૧૫ તોલા સોનું ગીરવે મુક્યું હતું. જ્યારે તેઓ સોનું પરત માંગવા ગયા ત્યારે સોનીએ એવો દાવો કર્યો હતો કે 'સોનું મારી પાસે નથી'. આ વ્યવહારની કોઈ લેખિત રસીદ કે પુરાવો ન હોવાથી સોની તેનો ગેરલાભ ઉઠાવી રહ્યો હોવાનું વેપારીએ જણાવ્યું છે.

પોલીસ પાસે ન્યાયની માંગણી

હાલમાં બંને વેપારી ભાઈઓ લાચાર બની ગયા છે. તેઓએ પોલીસને જણાવ્યું છે કે તેઓ વ્યાજે લીધેલી રકમ ચૂકવવા તૈયાર છે, પરંતુ એકસાથે કરોડોની રકમ ચૂકવવી શક્ય ન હોવાથી તેમને સમય આપવામાં આવે. વ્યાજખોરોના ત્રાસને કારણે પરિવારનો જીવ જોખમમાં હોવાનું જણાવી હિતેશ ઠક્કરે આ મામલે યોગ્ય તપાસ કરી ન્યાય અપાવવા પોલીસ સમક્ષ માંગણી કરી છે.

### વિદેશમાં સ્થાયી થઇ બે-પાંદડે થવા ઇચ્છુકોને છેતરી લેવાનું યથાવત

# વર્ક વિઝાના નામે ૭.૭૫ લાખની ઠગાઈ

## પોલેન્ડમાં આકર્ષક પગાર સાથેની નોકરી અને વર્ક પરમિટ વિઝા અપાવવાની લાલચે ભેજાબાજ એજન્ટે યુવક પાસેથી કટકે-કટકે પડાવ્યા

રાજકોટ, તા.૧૮

રાજ્યભરમાં વિદેશ જવાની ઈચ્છા ધરાવતા યુવાનોને નિશાન બનાવી લાખો રૂપિયા ખંખેરતી લેભાગુ એજન્ટ ગેંગ વધુ એક શિકાર કરી ગઈ છે, જેનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પોલેન્ડમાં આકર્ષક પગાર સાથેની નોકરી અને વર્ક પરમિટ વિઝા અપાવવાની લાલચ આપી એક ભેજાબાજ એજન્ટે યુવક પાસેથી કટકે-કટકે કુલ રૂપિયા ૭.૭૫ લાખની રકમ પડાવી લીધી હતી. લાંબો સમય વીતવા છતાં વિઝા ન મળતા અને એજન્ટ દ્વારા સંતોષકારક જવાબ ન મળતા અંતે ભોગ બનનાર યુવકે પોલીસના દ્વાર ખખડાવ્યા છે.

આ ઘટનાની વિગત એવી છે કે ભોગ બનનાર યુવક વિદેશ જઈ સ્થાયી થવા માંગતો હતો, જે દરમિયાન તેનો સંપર્ક આ એજન્ટ સાથે થયો હતો. એજન્ટે પોલેન્ડમાં જાણીતી કંપનીમાં વર્ક પરમિટ અપાવવાની ખાતરી આપી હતી અને ફાઈલ પ્રોસેસિંગ, એમ્બેસી ફી તેમજ અન્ય વહીવટી ખર્ચના નામે વિશ્વાસમાં લઈને લાખો રૂપિયા પડાવ્યા હતા. જોકે, નિર્ધારિત સમય મર્યાદા પૂર્ણ થયા બાદ પણ વિઝા પ્રક્રિયા આગળ ન વધતા યુવકને શંકા ગઈ હતી. જ્યારે યુવકે પોતાના અસલ દસ્તાવેજો અને નાણાં પરત માંગ્યા ત્યારે એજન્ટે ગલ્લાતલ્લા કરવાનું શરૂ કર્યું હતું અને અંતે નાણાં આપવાનો સાફ ઈનકાર કરી દીધો હતો.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં પોલેન્ડ, કેનેડા અને સર્બિયા જેવા દેશોના વર્ક પરમિટના નામે છેતરપિંડીના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. અગાઉ પણ અમદાવાદ અને ગાંધીનગર જેવા શહેરોમાં એજન્ટો દ્વારા બોગસ ઓફર લેટર અને બનાવટી વિઝા સ્ટીકર પધરાવીને કરોડો રૂપિયાની છેતરપિંડી




આચરવામાં આવી હોવાના કિસ્સા નોંધાયા છે. ઘણા કિસ્સાઓમાં એજન્ટો ઓફિસ બંધ કરીને રાતોરાત ફરાર થઈ જતા હોય છે, જેના કારણે અરજદારો પાસે કાયદાકીય લડત સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી.

પોલીસ અને વિદેશ મંત્રાલય દ્વારા વારંવાર નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે વિદેશ જવા માટે માત્ર માન્યતા પ્રાપ્ત એજન્ટોનો જ સંપર્ક કરવો અને કોઈપણ પ્રકારના રોકડ વ્યવહાર કરતા પહેલા એજન્ટની સત્તાવાર નોંધણી તપાસી લેવી. આ મામલે હાલ પોલીસે ગુનો નોંધી એજન્ટની અટકાયત કરવાની અને આ રેકેટમાં અન્ય કેટલા લોકો સામેલ છે તેની તપાસ શરૂ કરી છે.

આ કિસ્સામાં થયેલી ફરિયાદ જોઈએ તો માંજલપુર શ્રીકુંજ બંગલોઝ પાસે રહેતા અમિતકુમાર સુરેશભાઈ પટેલ કરજણ તાલુકાનાના કંડારી ગામના વતની છે અને ગૃહ ઉદ્યોગ ચલાવે છે માંજલપુર પોલીસ સ્ટેશનમાં તેમને ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે વર્ષ ૨૦૨૫માં મારા દીકરા હેત તથા મારા ભાણેજ હેત લોમેશભાઈ પટેલ ( રહે આદિત્ય હાઈટ વાઘોડિયા ડભોઇ રીંગ રોડ)ને વધુ અભ્યાસ માટે વિદેશ મોકલવાના હતા. અમારા પાડોશમાં રહેતા મિલિન્દભાઈ ઈન્દ્રવદન પટેલ (રહે, ટાંકી ખડકી કંડારી તાલુકો કરજણ) સાથે અમારે સંબંધ હોય તેઓને તેમની ઓફિસ પીએમ ઓવરસીઝ (ઠેકાણું લીલેરીયા પેરામાઉન્ટ જીઆઇડીસી એરિયા માંજલપુર ) ખાતે મળ્યા હતા. તેઓએ અમને કહ્યું હતું કે, બંને છોકરાઓના માર્ક થોડા ઓછા છે એટલે ફ્રાન્સ અને પેરિસના સ્ટુડન્ટ વિઝા થઈ શકશે નહીં પોલેન્ડમાં વર્ક પરમેન્ટ વિઝા થઈ જશે વિઝા, એર ટિકિટ મળી કુલ ૧૫ લાખ રૂપિયા બંને છોકરાઓના થશે. અમે તેઓને ૭.૭૫ લાખ ચૂકવ્યા હતા પરંતુ ત્યારબાદ અમારું કામ કર્યું ન હતું જેથી અમે રૂપિયા પરત માગતા તેમણે ચેક આપ્યો હતો જે ચેક રિટર્ન થયો હતો. આ મામલે પોલીસ તપાસ કરી રહી છે.

---

### શાપર-વેરાવળ હાઈવે પર માનવતા શરમાઈ, નવજાત સાથે દૂધની બોટલ પણ મુકાઈ હતી

# દોઢ માસના માસૂમ બાળકને પૂલ નીચે ત્યજી દેવાયું!

### પ્લાસ્ટિકની થેલીમાં રડતા બાળકનો અવાજ સાંભળી રાહદારીઓએ પોલીસને જાણ કરી; નિર્દયી માતા-પિતા સામે ગુનો નોંધાયો



રાજકોટ, તા.૧૮

રાજકોટ ગ્રામ્યના શાપર-વેરાવળ હાઈવે પર કાળજું કંપાવી દે તેવી ઘટના સામે આવી છે. શાપર પાટીયા પુલ નીચે એક અજાણ્યા સ્ત્રી-પુરુષ-માતા-પિતા પોતાના આશરે દોઢ થી બે માસના નવજાત પુત્રને પ્લાસ્ટિકની થેલીમાં ત્યજીને ફરાર થઈ ગયા હોવાની ઘટના પ્રકાશમાં આવતા ચકચાર મચી ગઈ છે. સદનસીબે, સમયસર પોલીસ અને રાહદારીઓની મદદ મળતા બાળકનો જીવ બચી ગયો છે.

ગઈકાલે મોડી રાત્રે અંદાજે સવા એક વાગ્યાના અરસામાં હડમતાળાના સંજયભાઈ ભીખુભાઈ દાફડા અને કોઠારીયા સોલ્વન્ટના દીપકભાઈ અમૃતભાઈ પરમાર શાપર પાટીયા પાસે તાપણું કરી રહ્યા હતા. આ દરમિયાન તેઓને પુલ નીચેથી કોઈ નાના બાળકના રડવાનો અવાજ સંભળાયો હતો. તપાસ કરતા પુલના પિલ્લર પાસે એક લાલ રંગની પ્લાસ્ટિકની થેલી મળી આવી હતી, જેની અંદર એક નાનકડો માસૂમ જીવ ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યો હતો.

ઘટનાની જાણ થતા જ શાપર (વે) પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રવીરાજસિંહ જાડેજા અને સંદીપભાઈ સોલંકી તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. થેલીમાં તપાસ કરતા ગુલાબી સ્વેટર અને કાળી લેંગી પહેરેલું આશરે દોઢેક માસનું બાળક મળી આવ્યું હતું. થેલીમાં બાળકની દૂધની બોટલ પણ સાથે રાખવામાં આવી હતી.

પોલીસે માસૂમ બાળકને તાત્કાલિક શાપર સરકારી હોસ્પિટલ ખસેડ્યું હતું. ત્યાંના ફરજ પરના તબીબોએ પ્રાથમિક તપાસ બાદ જણાવ્યું હતું કે બાળક (પુરૂષ જાતિ) એકદમ સ્વસ્થ છે, પરંતુ વધુ સારવાર અને સંભાળ માટે તેને રાજકોટની ઝનાના હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યું છે. હાલ બાળક તબીબોની દેખરેખ હેઠળ છે.

પોતાના પેટના જણ્યાને અધવચ્ચે રઝળતું મૂકી દેનાર નિર્દયી માતા-પિતા વિરુદ્ધ હેડ કોન્સ્ટેબલ રવીરાજસિંહ બળવંતસિંહ જાડેજાએ શાપર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી આસપાસના સીસીટીવી ફૂટેજ અને હોસ્પિટલોના રેકોર્ડ તપાસવાની તજવીજ હાથ ધરી છે જેથી બાળકને ત્યજી દેનાર શખ્સોને શોધી શકાય.

---

# ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન પર સોડાની બોટલો ફેંકનાર પાંચ પકડાયા

### સરઘસ નીકળ્યું, 'પોલીસ અમારા દાદા છે' ના નારા લગાવ્યા જેમાં આરોપીઓએ હાથ જોડીને પોતાની ભૂલ સ્વીકારી

રાજકોટ, તા.૧૮

શહેરના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન પર કાચની બોટલો ફેંકી કાયદો અને વ્યવસ્થાને પડકારનારા પાંચ શખ્સોને પોલીસે ઝડપી પાડી તેમની શાન ઠેકાણે લાવી દીધી છે. પોલીસે આ આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢ્યું હતું, જેમાં આરોપીઓએ હાથ જોડીને પોતાની ભૂલ સ્વીકારી હતી.

આરોપીઓએ માફી માંગી

ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન પર હુમલો કરનાર પાંચેય આરોપીઓ અજય ઉર્ફે સદામ, વિશાલ ગોહિલ, જેનીશ ઉર્ફે મહાજન, જય ખાંભારા અને કરણ પરમારને પકડી પાડ્યા બાદ પોલીસે તેમની શાન ઠેકાણે લાવવા કડક કાર્યવાહી કરી હતી. પોલીસે આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢ્યું હતું, જેમાં



આરોપીઓ હાથ જોડીને ''પોલીસ અમારા દાદા છે'' તેમ બોલતા જોવા મળ્યા હતા. પોલીસ સ્ટેશન જેવી જગ્યા પર હુમલો કરી ભય ફેલાવનારા તત્વોની શાન ઠેકાણે આવતા વિસ્તારના લોકોમાં પણ પોલીસની કામગીરી પ્રત્યે સંતોષ જોવા મળ્યો હતો.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, આ આરોપીઓ અગાઉ પણ અલગ-અલગ ગુનાઓમાં પોલીસના હાથે પકડાઈ ચૂક્યા છે. પોલીસ દ્વારા અગાઉ કરવામાં આવેલી કડક કાર્યવાહીનો ખાર રાખીને, પોલીસ પર પોતાનો રોફ જમાવવા અને બદલો લેવાના ઈરાદે તેઓએ રાત્રિના અંધકારમાં મોટરસાઈકલ પર આવીને પોલીસ સ્ટેશન પર સોડાની બોટલોના ઘા કર્યા હતા.

ગત તા. ૧૬/૦૧ ની રાત્રે આ ટોળકીએ બે મોટરસાઈકલ પર સવાર થઈ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના ગેટ પાસે કાચની સોડા બોટલો ફેંકી આતંક મચાવવાનો પ્રયાસ કર્યો હતો. ફરજ પરના હેડ કોન્સ્ટેબલ આર.ડી. બારૈયાની ફરિયાદના આધારે ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ પોલીસે ગણતરીના કલાકોમાં આ પાંચેય શખ્સોને દબોચી લીધા હતા. હાલ પોલીસે તમામ વિરુદ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.

---

### પુત્રને સ્કૂલે મૂકી પરત ફરતા મહિલાને એક્ટિવા ચાલકે ઠોકર મારી

# લક્ષ્મીનગર નાલા પાસે મહિલાને મણકામાં ફ્રેક્ચર

રાજકોટ, તા.૧૮

શહેરના નાના મવા મેઈન રોડ પર વધુ એક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. લક્ષ્મીનગર વિસ્તારમાં રહેતા અંકિતાબા ઝાલા પોતાના પુત્ર હરશક્તિસિંહને અતિથિ ચોક પાસે આવેલી ઉત્કર્ષ સ્કૂલે મૂકીને ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે લક્ષ્મીનગર નાળા તરફથી પૂરપાટ ઝડપે આવતા એક્ટિવા ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે મહિલા રોડ પર પટકાતા તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી.




અકસ્માત બાદ ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક વિદ્યાનગર મેઈન રોડ પર આવેલી ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલના ડોક્ટરોએ તપાસ બાદ જણાવ્યું હતું કે, અંકિતાબાને કમરના ભાગે ગંભીર ઈજા થઈ છે અને મણકામાં ફ્રેક્ચર થયું છે. હાલ પ્રાથમિક સારવાર બાદ તેમને રજા આપવામાં આવી છે.

આ ઘટના અંગે મહિલાના પતિ રુદ્રરાજસિંહ ઝાલાએ માલવિયાનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

નાના મવા મેઈન રોડ પર આવેલ લક્ષ્મીનગર શેરી નં-૦૪માં ''શીવશક્તિ'' મકાનમાં રહેતા અને દૂધની ડેરીનો વ્યવસાય કરતા રુદ્રરાજસિંહ ઝાલાએ ફરિયાદ દાખલ કરાવી છે. પોલીસે એક્ટિવા નંબર GJ-03-KJ-4557ના ચાલક વિરુદ્ધ બેદરકારીપૂર્વક વાહન ચલાવી અકસ્માત સર્જવા બદલ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આ કેસની તપાસ પોલીસ હેડકોન્સ્ટેબલ ડી.પી. બગડા કરી રહ્યા છે.

લક્ષ્મીનગર શેરી નં. ૪ના ખૂણે બનેલી આ ઘટનામાં ભોગ બનનાર અંકિતાબા રુદ્રરાજસિંહ ઝાલાને ડાબા હાથની હથેળીમાં છોલાયેલ ઈજાઓ અને મણકામાં ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ પહોંચી છે. આરોપી વાહન ચાલક GJ-03-KJ-4557 નંબરનું એક્ટિવા લઈને પૂરઝડપે આવી રહ્યો હતો, જેના કારણે આ અકસ્માત સર્જાયો હતો. હાલ પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી તેજ કરી છે.

---

### શાપર પોલીસની કાર્યવાહીઃ છરી પણ કબજે

# પત્નીનું અપહરણ-હત્યાના પ્રયાસમાં પતિ પકડાયો

## શાપર પોલીસે ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલ્યોઃ પોલીસે ફિલ્મી ઢબે કર્યો પીછો

રાજકોટ, તા. ૧૮

શાપર (વેરાવળ)માં બનેલી અપહરણ હત્યાના પ્રયાસની ઘટનામાં ભોગ બનનાર મહિલાના પતિ સહિત બે શખ્સને પકડી લેવાયા છે. શાપર પોલીસ સ્ટેશન વિસ્તારમાં શનિવારે બપોરે બનેલી અપહરણ અને હત્યાના પ્રયાસની સનસનાટીભરી ઘટનામાં પોલીસે ત્વરિત કાર્યવાહી કરી ગણતરીની કલાકોમાં આરોપીઓને દબોચી લીધા છે. સાવકા પતિ દ્વારા જ મહિલાનું અપહરણ કરી જીવલેણ હુમલો કરાયાની ઘટનામાં પોલીસે ટેકનિકલ સોર્સની મદદથી ભોગ બનનારને મોતના મુખમાંથી બચાવી લીધી છે.

આ બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર શનિવારે તા. ૧૬/૦૧ના રોજ બપોરે શાપરના ઢોલરા રોડ પર રહેતા પ્રહલાદપુરી ગોસ્વામીએ પોલીસ સ્ટેશને જાણ કરી હતી કે, તેમના માતા સવિતાબેનનું તેમના સાવકા પિતા મહેશપુરી ગોસ્વામીએ અન્ય એક શખ્સ સાથે મળી ગ્રે કલરની ક્રેટા કાર નંબર ઋઉં-૩૭-ઈ-૯૧૨૧માં અપહરણ કર્યું છે. આરોપીઓ મહિલાની હત્યા કરવાના ઈરાદે તેમને ઉઠાવી ગયા હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી હતી.

બનાવની ગંભીરતા જોતા રાજકોટ



રેન્જ આઈ.જી. અશોકકુમાર યાદવ અને જીલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરની સૂચના હેઠળ શાપર પોલીસ ઈન્સ્પેક્ટર આર.બી. રાણાએ તાત્કાલિક અલગ-અલગ ચાર ટીમો બનાવી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સ દ્વારા પોલીસને જાણકારી મળી હતી કે આરોપીઓ મહિલાને કોટડાસાંગાણી તરફ લઈ ગયા છે.

પોલીસે તુરંત જ વર્ક આઉટ કરી આરોપીઓને ઘેરી લીધા હતા. જોકે, પકડાય તે પહેલા જ આરોપી મહેશપુરીએ સવિતાબેન પર છરી વડે જીવલેણ હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. પોલીસે સમયસૂચકતા વાપરી ભોગ બનનારને છોડાવી તાત્કાલિક હોસ્પિટલ ખસેડ્યા હતા અને બંને આરોપીઓને સ્થળ પર જ ઝડપી લીધા હતા.

પોલીસે આ ગુન્હામાં મહિલાના હાલના પતિ અને મદદગારી કરનારની ધરપકડ કરી છે. જેમાં મહેશપુરી વેલપુરી ગોસ્વામી (ઉ.વ.૪૫, રહે. ભગવતીપરા, રાજકોટ) અને જાફર સલીમભાઇ અબડા (ઉ.વ. ૨૩, રહે. ભગવતીપરા, રાજકોટ)ને પકડી ગુન્હામાં વપરાયેલ ક્રેટા કાર કિંમત રૂ. ૫,૦૦,૦૦૦, બે નંગ મોબાઈલ ફોન કિંમત રૂ. ૧૧,૦૦૦ તથા હુમલામાં વપરાયેલ છરી કબ્જે કરાયેલ છે. મહેશપરી મહિલાનો પતિ થાય છે. બંને વચ્ચે ચાલતી માથાકૂટને કારણે આ ગુનાને અંજામ આપ્યો હતો.

આરોપીઓ વિરુદ્ધ શાપર વેરાવળ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૪૦ (૧), ૧૦૯, ૩૫૨, ૫૪ તથા જી.પી. એક્ટ મુજબ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ કામગીરીમાં પી.આઈ. આર.બી. રાણા, પી.એસ.આઈ. વી.જી. જેઠવા તથા એ.એસ.આઈ. ક્રિપાલસિંહ રાણા સહિતના સ્ટાફે ભૂમિકા ભજવી હતી.

# ફડાકા કાંડમાં ઉછીના લીધેલા નાણા કારણભૂત?

## યોગ્ય તપાસ કરવામાં આવે તો સત્ય આવશે સામે : ચર્ચાએ પકડ્યું જોર, ડેપ્યુટી ઈજનેર એજન્સીના કોન્ટ્રાક્ટર પાસેથી લીધા હતા ઉછીના નાણા : કોન્ટ્રાક્ટર પાસે દસ્તાવેજી પુરાવા હોવાની પણ ચર્ચા

રાજકોટ, તા. ૧૮

મહાનગરપાલિકામાં સમયાંતરે કંઈક ને કંઈક પ્રશ્નો એ પ્રકારે ઊભા થાય છે કે જે છબી ખરડાવી દે છે. હાલ મહાનગરપાલિકામાં જો કોઈ ચર્ચા નો વિષય હોય તો તે ફડાકા કાંડ છે જેમાં એજન્સીના કોન્ટ્રાક્ટરે ડેપ્યુટી ઇજનેરને ફડાકો જીક્યો પરંતુ શું કારણ તે હજી સ્પષ્ટ થયું નથી પરંતુ વર્તુળોના જણાવ્યા અનુસાર હાલ એક મુદ્દો એવો પણ ચર્ચાઈ રહ્યો છે જેમાં ઇજનેર દ્વારા એજન્સીના કોન્ટ્રાક્ટર પાસે નાણા ઉછીના લીધા હોય. જે વાતની ચર્ચા જાગી છે. પરંતુ સત્ય હકીકત શું છે તેનો કોઈ અંદાજ આજ દિન સુધી આવ્યો નથી ખરા અર્થમાં મહાનગરપાલિકાએ આ મુદ્દે ઊંડાણપૂર્વક તપાસ કરવી જોઈએ તો જ સત્ય હકીકત બહાર આવશે.

એ વાત ચર્ચાઈ રહી છે કે ઇજનેર દ્વારા જે નાણાં ઉછીના લેવામાં આવ્યા હતા તેના પુરાવાઓ પણ છે. ત્યારે મહાનગરપાલિકા ઊંડાણપૂર્વકની તપાસ કરે તે ખૂબ જરૂરી છે. આ ઘટના બાદ એન્જિનિયરો દ્વારા મહાનગરપાલિકાના સત્તાધિશોને તથા અધિકારીઓને લેખિત માંગણી કરી હતી કે આ પ્રકારની ઘટના ભવિષ્યમાં ન થાય તે માટે એજન્સીને બ્લેકલિસ્ટ કરવામાં આવે પરંતુ સત્તાધીશો વચ્ચે જે પ્રશ્નો હોવાનું જણાઈ રહ્યું છે અને જૂથબંધીના કારણે જે ન્યાય મળવો જોઈએ તે મળ્યો નથી અને જે તટસ્થ તપાસ થવી જોઈએ તે થઈ નથી તેઓ જાણકાર વર્તુળો ચરચી રહ્યા છે . આ ઘટના બાદ મ્યુનિસિપલ કમિશનરે તપાસ સમિતિની નિમણૂક કરી જેમાં ડીએમસી પથિક પટેલ, વિજિલન્સ ના અધિકારી તથા સીટી ઈજનેરને સાથે રાખી યોગ્ય તપાસ કરવા જણાવ્યું હતું પરંતુ વર્તુળોના જણાવ્યા અનુસાર ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર દ્વારા એવો રિપોર્ટ કરવામાં આવ્યો છે કે આજે ઘટના ઘટી તે અક્ષમ્ય છે અને યોગ્ય ઉદાહરણ બેસે તે માટે એજન્સીને બ્લેકલિસ્ટ કરવામાં આવે ખરા અર્થમાં આ ઘટના લેબર કોન્ટ્રાક્ટર અને ડેપ્યુટી ઈજનેર વચ્ચે છે ત્યારે મુખ્ય એજન્સીને આ કિસ્સામાં કાંઈ લાગતું ઓળખતું નથી તેવું જાણવા મળ્યું છે પરંતુ પેટા કોન્ટ્રાક્ટ હોવાના કારણે દરેક જવાબદારી મુખ્ય કોન્ટ્રાક્ટરની સાબિત થતી હોય છે.




હાલ જે વિગતો મળી રહી છે તેમાં એ વાત તો સ્પષ્ટ થઈ ચૂકી છે કે સત્તાધીશો પોતાના લાગતા વળગતા ને મળતિયાઓને સાચવવામાં વ્યસ્ત છે અને જૂથ બંધી તેનું મુખ્ય કારણ છે. હાલ જે વિગતો મળી રહી છે અને જે વાત ચર્ચામાં છે તે મુજબ લેબર કોન્ટ્રાક્ટર અને રાજકોટના પ્રથમ નાગરિક મેયરના પતિ વચ્ચે સારો અને ગાઢ સંબંધ છે પરિણામ સ્વરૂપે એજન્સી બ્લેક લિસ્ટ કરવામાં આવતી નથી તો સામે સ્ટેન્ડિંગ ચેરમેને એજન્સીને બ્લેકલિસ્ટ કરવાનું પણ જણાવ્યું હતું પરંતુ સત્તાધીશો વચ્ચેની તૂટૂ મે મેં અને જૂથ બંધી આ મુદ્દે યોગ્ય કામગીરી કરવા દેતી ન હોવાની પણ વર્તુળો ચરચી રહ્યા છે. હાલ એ વાત સામે આવી રહી છે કે આજે મ્યુનિસિપલ કમિશનર ને ઈજનેરો નું જૂથ મળવા પહોંચશે. ત્યારે હવે શું નિર્ણય લેવાય છે તે જોવાનું રહ્યું. પરંતુ જે રીતની વાત સામે આવી રહી છે તે મુજબ અને જે રીતે ચર્ચાએ જોર પકડ્યું છે કે આ ફડાકા કાંડમાં ઉછીના નાણા કારણ ભૂત છે ત્યારે આ મુદ્દે શું તંત્ર યોગ્ય તપાસ કરશે કે કેમ તે હવે જોવાનું રહ્યું. અને આ વાત કેટલી સાચી છે તે પણ યોગ્ય તપાસ કરવામાં આવે તો માલુમ પડે.

### ફડાકા કાંડને સત્તાધીશોની જૂથબંધી આભળી ગઈ

મહાનગરપાલિકાના સત્તાધિશો વચ્ચે ગજગ્રા હોવાનું અનેક વખત માલુમ પડ્યું છે ત્યારે ફડાકા કાંડમાં પણ આ જ મુદ્દો ફરી પ્રકાશમાં આવ્યો હોવાનું જાણકાર વર્તુળો જણાવી રહ્યા છે જેમાં એક તરફ મેયર એજન્સીને છાવરી રહ્યા હોવાનું હાલ ચર્ચા એ જોર પકડ્યું છે તો બીજી તરફ આ ઘટના ઘટી તે બાદ સ્ટેન્ડિંગ ચેરમેન એજન્સીને બ્લેકલિસ્ટ કરવાનું જણાવ્યું હતું જેથી ભવિષ્યમાં આ પ્રકારની કોઈ ઘટના ન ઘટે પરંતુ ખાસો સમય વીતી ગયો છતાં પણ એજન્સી બ્લેકલિસ્ટ કરવામાં આવી ન હોવાનું જણાઈ રહ્યું છે ત્યારે વર્તુળોના જણાવ્યા પ્રમાણે હાલ સત્તાધીશોની જૂથ બંધી આ ઘટનાને આભળી ગઈ છે . જેથી આ ગંભીર ઘટના ઘટ્યા બાદ પણ આજ દિન સુધી યોગ્ય તપાસ થઈ નથી અને યોગ્ય નિર્ણય પણ લેવામાં આવ્યો નથી એટલું જ નહીં ચર્ચા થઈ રહી છે કે મેયરના પીઠબળના કારણે હાલ એજન્સી પર કોઈ એક્શન લેવામાં આવતું નથી અને સ્ટેન્ડિંગ ચેરમેનની વાત પણ પોકર સાબિત થઈ છે.

# ચારધામ યાત્રામાં 'રીલ' પર સરકારની રોક

## કેદારીનાથ-બદ્રીનાથ સહિતના મંદિરોમાં મોબાઈલ પર સંપૂર્ણ પ્રતિબંધ

નવી દિલ્હી, તા.૧૮

ઉત્તરાખંડની પવિત્ર ચારધામ યાત્રા પર જનારા શ્રદ્ધાળુ માટે આ વર્ષે મોટા સમાચાર સામે આવ્યા છે. બદ્રીનાથ, કેદારીનાથ, ગંગોત્રી અને યમુનોત્રી ધામની પવિત્રતા અને મર્યાદા જાળવી રાખવા માટે ઉત્તરાખંડ સરકાર અને વહીવટી તંત્રએ એક મહત્ત્વનો નિર્ણય લીધો છે. હવેથી મંદિર પરિસરમાં મોબાઈલ ફોન અને કેમેરા લઈ જવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકાયો છે. આ નિર્ણય પાછળનો મુખ્ય હેતુ મંદિરોમાં વધતા જતા 'રીલ' કલ્ચર અને સોશિયલ મીડિયા બ્લોગિંગ પર લગામ કસવાનો છે.



આ અંગે ગઢવાલ કમિશનર વિનય શંકર પાંડેની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં નિર્ણય લેવાયો હતો. વહીવટીતંત્રના જણાવ્યાનુસાર, છેલ્લા કેટલાક વર્ષોમાં જોવા મળ્યું છે કે શ્રદ્ધાળુઓ દર્શન કરવાને બદલે મંદિરની અંદર ફોટા પાડવામાં અને વીડિયો કે રીલ બનાવવામાં વધુ સમય વિતાવે છે. આ કારણસર માત્ર મંદિરની ગરિમા તો જોખમાય જ છે, પરંતુ ત્યાં દર્શન માટે ઉભેલા અન્ય શ્રદ્ધાળુઓને પણ મુશ્કેલી પડે છે. ભીડનું વ્યવસ્થાપન કરવું પણ કઠિન બને છે. વળી, આ મુદ્દે અન્ય લોકો પણ વારંવાર ફરિયાદ કરે છે, જેથી પવિત્ર ધામોમાં કોઈ પણ વિવાદોને રોકવા માટે આ પગલું લેવાયું છે.

### પુરાવાના અભાવે સ્પેશિયલ પોટા કોર્ટે આપ્યો ચુકાદો

# અક્ષરધામ પર આતંકવાદી હુમલામાં ૩ આરોપીનો બિનતહોમત છુટકારો

નવી દિલ્હી, તા.૧૮

ગુજરાત સહિત દેશભરમાં ખળભળાટ મચાવી મૂકનાર ગાંધીનગરના અક્ષરધામ મંદિર પર આતંકવાદી હુમલાના ચકચારભર્યા કેસમાં અત્રેની સ્પેશિયલ પોટા કોર્ટે ૧૭મી જાન્યુઆરીના રોજ ત્રણ આરોપીઓ અજમેરી અબ્દુલરશીદ સુલેમાન, મોહંમદ ફારૂક મોહંમદ હનીફ શેખ અને મોહંમદ યાસીન ઉર્ફે યાસીન ભટ ગુલામ મોહીઉદ્દીન ભટ્ટને પુરાવાના અભાવે ડિસ્ચાર્જ કરી દીધા હતા એટલે કે, આ કેસમાં આ ત્રણેયને બિનતહોમત તેઓને નિર્દોષ ઠરાવી છોડી મૂક્યા હતા. અક્ષરધામ મંદિર પર આતંકી હુમલાના ચકચારભર્યા કેસમાં પોટાની વિશેષ કોર્ટે અગાઉ પકડાયેલા પૈકી છ આરોપીઓને ગુનેગાર ઠરાવીને ત્રણ આરોપીને ફાંસી, એક આરોપીને જન્મટીપ, એક આરોપીને દસ વર્ષ અને એક આરોપીને પાંચ વર્ષની સજા ફટકારી હતી. જો કે, સુપ્રીમ કોર્ટે તમામ આરોપીઓને નિદોષ છોડી મુક્યા હતા. જેમાં અલ્તાફ હુસેન મલિક, આદમ સુલેમાન અજમેરી, સલીમ હનીફ શેખ, મુક્તી અબ્દુલ ક્યુમ, અબ્દુલામીયાં કાદરી, ચાંદમિયાં ઉર્ફે ચાંદખાન પઠાણનો સમાવેશ થતો હતો.



આ કેસમાં હાલના આરોપીઓ અજમેરી અબ્દુલ રશીદ સુલેમાન, મોહંમદ ફારૂક મોહંમદ હનીફ શેખ અને મોહંમદ યાસીન ઉર્ફે યાસીન ભટ ગુલામ મોહિઉદ્દીન ભટને પોલીસે તબક્કાવાર ધરપકડ કરીને પુરાવા એકઠા કરીને કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. યાસીન ભટે કાશ્મીરના અનંતનાગ ખાતે મઝુર, કામીલ અને ઝુબેર સહિતના એલઈટી આતંકીવાદીઓ સાથે મળીને ગુજરાતમાં આંતકવાદી હુમલાનું કાવતરૂ રચ્યું હતું. યોજના પ્રમાણે ગાંધીનગરના અક્ષરધામ મંદિર પર આતંકી હુમલો કરાયો હોવાનું તપાસમાં ખૂલ્યું હતું. યાસીન ભટે જમ્મુ-કાશ્મીર પાસિંગ એમ્બેસેડર કારમાં ગુપ્ત ખાનુ બનાવી તેમાં એકે-૪૭ સહિતના અન્ય અન્ય હથિયારો અને દારૂગોળો જથ્થો તેમાં મૂકી આ કારને ચાંદખાન મારફતે ઉત્તર પ્રદેશ ખાતે પહોંચાડી હતી.

અન્ય આતંકવાદીઓની ચાંદખાન સાથે મુલાકાત કરાવી હતી. ત્યારબાદ ચાંદખાન અને શકીલ ટ્રેન મારફતે એકે-૪૭ અને અન્ય હથિયારો સાથે અમદાવાદ આવ્યા હતા. અમદાવાદમાં અન્ય એલઈટી આતંકવાદીઓ સાથે મળીને તેણે અક્ષરધામ હુમલાને અંજામ આપ્યો હતો.ગાંધીનગર ખાતે આવેલ અક્ષરધામ મંદિરમાં ૨૪-૦૯-૨૦૦૨ ના રોજ સાંજના આશરે ૪:૩૦ વાગે, એકે-૪૭ રાયફલ અને હેન્ડ ગ્રેનેડ સહિતના હથિરાયો અને દારૂગોળા સાથે બે ઈસમો અક્ષરધામમાં ઘૂસી જઈ દર્શનાથીઓ તથા રાઈડ્સમાં બેસેલ બાળકો ઉપર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો અને હેન્ડ ગ્રેનેડ ફેક્યા હતા. આ આતંકવાદી હુમલામાં એનએસજી કમાન્ડો, સ્ટેટ કમાન્ડો ફોર્સના જવાન અને ત્રણ એસઆરપીના જવાનો સહિત કુલ ૩૩ વ્યક્તિઓના કરૂણ મોત નીપજ્યા હતા. આ હુમલામાં ૨૩ પોલીસ જવાનો સહિત લગભગ ૮૬ જેટલા વ્યક્તિઓ ગંભીરરીતે ઈજાગ્રસ્ત થયા હતા.

### ૨.૬૮ કરોડના ખર્ચે તૈયાર થયેલી ખોડિયાર પ્રાથમિક શાળાનું લોકાર્પણ કરતા ડો.પ્રદ્યુમન વાજા

# આધુનિક શૈક્ષણિક માળખું છાત્રોને પ્રોત્સાહનરૂપઃ શિક્ષણ મંત્રી

રાજકોટ, તા.૧૮

મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, રાજકોટ હસ્તક સમગ્ર શિક્ષા યોજના અંતર્ગત રૂ. ૨.૬૮ કરોડના ખર્ચે તૈયાર થયેલા મા ખોડિયાર પ્રાથમિક શાળા નં. ૭૬ના નવનિર્મિત શાળાભવનનું સામાજિક ન્યાય અને અધિકારિતા તેમજ પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ તથા ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના મંત્રી ડો. પ્રદ્યુમન વાજાએ લોકાર્પણ કર્યું હતું.

ગુજરાત સરકાર અને સમગ્ર શિક્ષા - સ્કૂલ ઓફ એકસેલેન્સ અંતર્ગત આધુનિક સુવિધાઓથી સજ્જ આ નવા શાળાભવનના લોકાર્પણ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે, આજનો આ પ્રસંગ માત્ર ઈમારતનું લોકર્પણ નથી પરંતુ ભવિષ્યની પેઢીને મજબૂત કરનાર વિદ્યાભવનનું લોકાર્પણ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી કહે છે તેમ દેશનું ભવિષ્ય વર્ગખંડમાં તૈયાર થાય છે. શિક્ષણ એ સમાજનો પાયો છે. આ શાળામાંથી અનેક વિદ્યાર્થીઓ રમતગમત, શિક્ષણ સહિતના ક્ષેત્રોમાં આગળ વધી રહ્યા છે. નવા શાળા ભવનથી વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓને અનેક લાભ મળશે તેવું મનાય છે.





મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ સાથે આત્મનિર્ભરતા તરફ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં નમો લક્ષ્મી યોજના, મિશન સ્કૂલ ઓફ એક્સેલેન્સ, ગુજરાત નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના સહિત અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં છે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

કેબિનેટ મંત્રીએ આ પ્રસંગે રાજકોટ સાથે જોડાયેલી તેમના વિદ્યાર્થીકાળની સ્મૃતિઓ વ્યક્ત કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

મંત્રીના હસ્તે શાળાના પૂર્વ વિદ્યાર્થી અતુલભાઈ, વર્તમાન વિદ્યાર્થી દર્શનભાઈ તેમજ જાપાન ખાતે ભારતનું પ્રતિનિધિત્વ કરનાર શાળા નં. ૯૪ના આચાર્ય જુહીબેન માંકડનું સન્માન કરાયું હતું. કાર્યક્રમમાં ધારાસભ્ય ઉદયભાઈ કાનગડે પ્રેરક સંબોધન કર્યું હતું. મંત્રીએ શાળાભવનના તમામ વર્ગખંડોની વિગતવાર મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે પ્રેરણાદાયક સંવાદ સાધ્યો હતો. આ દરમિયાન તેમણે વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રવૃત્તિઓ, રમતગમત તથા વિજ્ઞાનના પ્રયોગો અંગે ચર્ચા કરી તેમની પ્રતિભાની પ્રશંસા કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, રૂ. ૨.૬૮ કરોડના ખર્ચે તૈયાર થયેલું ખોડિયાર પ્રાથમિક શાળા નં.૭૬નું ભવન કોમ્પ્યુટર લેબ, પ્રયોગશાળા, સ્માર્ટ વર્ગખંડો, રમતગમત માટેનું મેદાન સહિતની સુવિધાઓથી સજ્જ છે. કાર્યક્રમની સ્વાગતવિધિ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વિક્રમભાઈ પુજારાએ કરી હતી. શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કૃતિ તેમજ પ્રાર્થનાગીત રજૂ કરાયું હતું. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને મેયર નયનાબેન પેઢડિયા ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે ધારાસભ્ય દર્શનાબેન શાહની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. ક્રાયક્રમમાં રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ, શિક્ષણ સમિતિના સભ્યો, જિલ્લાના આગેવાનો, શાળાના આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.